मैं और मेरा की भावना छोड़कर सर्व को आत्म स्वरूप मानकर सारे प्रकार के भेद भूलाया जाये, तब जाके शान्ति प्राप्त होगी। वर्तमान में अष्टावक्र के यह विचारों की उपयोगिता अधिक मालूम पड़ती है। यह विचार हमारे मार्गदर्शक बने रह सकते हैं, जिस मानवी ने अपने षड् रिपुओं (लोभ, मोह, द्वेष, राग, मद और मात्सर्यभाव –विना कारण ईर्ष्या का भाव) से मुक्ति पा ली है। वह क्षमा, रुजुता, आर्जव, दया, संतोष एवं सत्य को अमृततुल्य मान के उसका सेवन करें यही उचित हैं। श्रीमद्भगवद्गीता में १६ वें अध्याय में दैवी संपत वाले मनुष्य के यही गुण बताए गए हैं।[६] तथा विषयों जैसे राग द्वेष सुख-दुःख आदि के विषय को विष की भांति त्याग देना चाहिए।[७] यह कितने सरल तरीके से बताया है ? वह विचारणीय है। विषयों में से आसक्ति छूटते ही मुक्ति ही है।[८] अष्टावक्र कहते हैं मैं नहीं हूं तब मोक्ष है।[९] तृष्णा से प्राणी मात्र बंधन प्राप्त करता है। तृष्णा का नाश ही मोक्ष है। सांसारिक एवं पारमार्थिक पीडा का कारण देते हुए अष्टावक्रजी कहते हैं कि –

**तदा बंधो यदा चित्तमकिंचिद् वाञ्छति ।**
**किं च मुञ्चति गृह्णाति किंचिद्दूश्यति कुप्यति ॥** अ. स. ८-१

आज आधुनिक जीवनव्यवहार अधिक संकुल एवं चंचल बना हुआ है तब कोई इच्छा, शोक, त्याग, स्वीकार, हर्ष या क्रोध यह सब सरल जीवन के अवरोधक हो जाते हैं। हम देख सकते हैं कि अष्टावक्रसंहिता में जीवनमुक्ति का जो दर्शन व्यक्त हुआ है, उसे कोई भी राष्ट्र, समाज, कुटुंब, युवान या वृद्ध प्रत्यक्ष रखकर अपने जीवन मार्ग को मुकर्रर करता है तब वह अपने ''स्व'' के ढकोसले से बाहर निकल सकता है। डॉक्टर एल. टी. पटेल ने जो कहा है वह पूरी तरह से मनोवैज्ञानिक स्थिति को बयां करता है - जैसे संसार के बहुमुखी, बहुगामी, काया, माया की अनेकविध, दृश्य-अदृश्य, रंगी-ढंगी, रिद्धि-सिद्धि या प्रसिद्धि के मोहपाश में बंधकर रखने वाला बुद्धि, अहंकार का मूल खिलाड़ी ''मन'' को जागृतिपूर्वक ज्ञात कर लेना, देख लेना और उसाक एहसास कर सारे मनोदैहिक संघर्षों से अलिप्त रहना, यही मुक्ति है।[१०] संस्कृत में 'मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः'।[११] प्रसिद्ध है। अंततोगत्वा में यह कहना चाहूंगी कि प्राचीन हो या अर्वाचीन सर्वदृष्टि से अष्टावक्र का दर्शन हमारे अद्वैत वेदांत के संपूर्ण जीवन दर्शन को इस प्रकार से व्यक्त करता है कि आधुनिक व्यक्ति तथा जीवन के उनके संघर्ष समाप्त हो जाए। जीवनसंघर्षों की समाप्ति यह दर्शन में छिपी है। जीवन के सारे संघर्षों से मुक्त होने में यह दर्शन सर्वथा सहायक बनने में समर्थ है। यह बात दीपक की भांति स्वयं स्पष्ट है।

## सन्दर्भः


**१. लघुयोगवाशिष्ठः श्लोक -** ५-१८
**२. अ. सं. -** १८-१
**३. अ. सं. -** १८-१३
**४. वासनावृद्धितः.विवेकचूडामणि -** १-१
**५. अहमकर्ता इति अहम मान... अ. सं. -** १-८
**६. श्रीमद्भगवद्गीता -** अध्याय - १६
**७. मुक्तिमिच्छतिचेत्तात विषयां विषय वत्यज । क्षमार्जवदयातोषसत्यंपीयूष वद भज -** अ. सं. १-२
**८. तदा मोक्षो यदा चित्तमसक्तम् सर्वदृष्टिषु । -** अ. स. ८-३
**९. यदानाहमदतामोक्षो यदाहमबंधनम तदा । -** अ. स. ८-४
**१०. डॉ. एल. डी. पटेल 'मनोदर्शन अने मुक्ति -** पृ. १३६
**११. ब्रह्मबिंदु उपनिषद् -** श्लोक - २

# ।। पर्यावरण संरक्षण के सन्दर्भ में पौराणिक साहित्य की भूमिका ।।

– **डॉ. साहेराबानु ए. पठान,** अध्यापक सहायक, स्व. एम. जे. कुंजलिया आर्ट्स एणेड कोमर्स महिला कॉलेज, राजकोट

प्राचीनकाल से मानव तथा उससे सम्बन्धित सभी क्रिया-कलाप पर्यावरण की शुद्धता-अशुद्धता को प्रभावित करते हैं। वर्तमान काल के उपभोगवादी मानव द्वारा प्रकृति के दोहन के कारण पर्यावरण पर विपरीत प्रभाव पडा है। जिसके कारण उसका स्वास्थ्य सर्वाधिक खतरे में आ गया है। मानव की प्रतिदिन बढ़ती आकांक्षाओं के सामने पर्यावरण तथा अन्य जीव-जन्तु उपेक्षनीय बन गये हैं। स्थिति कुछ ऐसी है कि मानव आज निश्चित रूप से पर्यावरण के विषय में नहीं सोचेगा तो सम्पूर्ण विश्व विनाश की कगार पर आकर खड़ा हो जायेगा।

ईश्वर की सबसे बड़ी देन कहे जाने वाले पर्यावरण में प्रदूषण फैलानेवाले प्रमुख स्रोत औद्योगीकरण, शहरीकरण, ऊर्जा का अनियंत्रित उपयोग, जनसंख्या एवं वाहन-व्यवहार है। मानव द्वारा आज जिस गति से पृथ्वी, जल तथा वायु में प्रदूषण बढ़ रहा है इससे यह स्पष्ट होता है कि प्राकृतिक सारी सम्पदाएँ वर्तमान तथा भविष्य में खत्म हो जाएगी। जिससे पृथ्वी पर मानव जीवन का अस्तित्व नहींवत् हो जायेगा। ऐसे में हम सभी को पर्यावरणरूपी वैश्विक चुनौती का सामना करने के लिए वेद-पुराण इत्यादि ग्रन्थों की ओर बढ़ना होगा और प्रायवरण संरक्षण के बारे में लोकमानस में जागृति लानी होगी तभी भावी पीढियों का अस्तित्व सम्भव होगा।

**– पर्यावरण संरक्षण एवं पौराणिक साहित्य :**

पौराणिककाल में ऋषि-मुनियों द्वारा मिट्टी, पानी, हवा, पेड़-पौधे, जीव-जन्तु आदि पर्यावरण के तत्त्वों को पूजनीय माना गया है। वेदों के समान ही ब्रह्मपुराण, पद्मपुराण, विष्णुपुराण, भागवतपुराण, लिङ्गपुराण, स्कन्दपुराण, वामनपुराण, मत्स्यपुराण आदि में प्रायवरण संरक्षण की भावना पद-पद पर अभिव्यक्त हुई है। भागवतपुराण के तो प्रत्येक श्लोक में हमें प्रकृति और पुरुष का संयोग दृष्टिगोचर होता है। प्रकृति पृथ्वी, जल, तेज, वायु तथा आकाश से बनी है जिसकी शुद्धि बनाएँ रखने के लिए पुराणों में बहुधा उपाय बताए गये हैं। जिनमें से प्रमुख उपायों को यहाँ दर्शाने का प्रयास किया गया है।

**– पृथ्वी संरक्षण :**

पृथ्वी पर विभिन्न प्रकार के घातकी रसायन, कीटनाशक दवाएँ तथा अप्राकृतिक क्रियाएँ आदि से मानव ने पृथ्वी को अत्याधिक प्रदूषित कर दिया है। जिसके परिणाम स्वरूप यह हुआ कि भूमि में पौष्टिक चीजों के उत्पादन के स्थान पर शरीर के लिए घातक चीजों का उत्पादन होने लगा। स्पष्ट हे कि पृथ्वी का प्रदूषण मानव के स्वास्थ्य के साथ-साथ आज भोजन को भी प्रदूषित कर रहा है। वहीं दूसरी ओर मानव अपनी निजी आवश्यकताओं की पूर्ति हेतु विभिन्न उद्योगों का निर्माण कर रहा है। इन्हीं उद्योगों से निकलने वाले अवशिष्ट भाग से भूमि प्रदूषित होती जा रही है। जो मानव के स्वास्थ्य के लिए घातक साबित होगी। अतः इस पर विश्व को गंभीरतापूर्वक विचारणा करने की आवश्यकता है।

पृथ्वी सगन्धा.. अर्थात् पृथ्वी को गन्ध गुणवाली वामनपुराण मे कहा गया है। ब्रह्मपुराण अनुसार पृथ्वी का विस्तार पचास करोड योजन है। यही सबका धारण-पोषण करनेवाली तथा पञ्चमहाभूतों में सर्वाधिक गुणवाली है।

सम्पूर्ण जगत की यही आधारभूता मात्र है। पद्मपुराण, अग्निपुराण, वराहपुराण, स्कन्दपुराण, वामनपुराण, गरुडपुराण आदि पुराणों में पृथ्वी को स्वच्छ, निर्मल, सुन्दर तथा देवी रूप में प्रकाशित किया गया है और सभी जीवों की आधारभूता कहा है। एक पृथ्वी ही ऐसा तत्त्व है जो अपने में बोये हुए एक बीज को बहुधा मात्रा में प्रदान कर मानव का भरण-पोषण करती है।

पुराणों में पृथ्वी की शुद्धि एवं संरक्षण हेतु उपाय बताएँ गये हैं। जिसका सार इस प्रकार है। ब्रह्मपुराण अनुसार भूमि जलाने, झाडू देने, गोष्ठ बनाने, लीपने, कुडेदने तथा सिक्त करने से शुद्ध होती है। पद्मपुराण अनुसार अपवित्र एवं अशुद्ध भूमि की शुद्धि कई प्रकार से होती है। जैसे कि, प्रदूषित भूमि खोदकर ऊपरी मिट्टी अलगकर देने से, भूमि पर लकड़ी, गोबर, घासफूस डालकर जला देने से, गोमय आदि के लेपन से, धावन (धोने) और मेघ के द्वारा वृष्टि हो जाने से भूमि शुद्ध हो जाती है।

**खननदाहनाच्चैव उपलेपनधावनात् ।**
**पर्जन्यवर्षणाच्चैव भूरमेध्या विशुध्यति ॥** पद्मपुराण-सृष्टिखण्ड,२३.८

वामनपुराण में पृथ्वी को स्वच्छ बनाये रखने के लिए स्वच्छ स्थान पर मल आदि का त्याग करना वर्जित कहा गया है। यथा - देवता, गौ, ब्राह्मण और अग्नि के मार्ग, राजपथ और चौराहे, गौशाला तथा पूर्व या पश्चिम दिशाक की ओर मुख करके मल त्याग न करने का विधान है। आगे कहा गया है कि पृथ्वी की शुद्धि खोदने, जलाने, झाडू देने, गौओं के चलने, लीपने, खरोंचने तथा सींचने से होती है।

**भूमिविशुध्यते खातदाहमार्जनगोक्रमैः ।**
**लेपादुल्लेखनात् सेकाद् वेश्मसंमार्जनार्चनात् ॥** वामनपुराण, १४.६८

सभ्य कहे जाने वाले आज के समय में अनेक अविसर्जित पदार्थों द्वारा पृथ्वी में प्रदूषण की मात्रा बढ़ रही है। ऐसे में मानव को पुराणोक्त पर्यावरण सम्बन्धित उपायों को अपनाने की जरूरत है।

**– जल संरक्षण :**

मत्स्यपुराण अनुसार सृष्टि रचना से पूर्व सर्वप्रथम ब्रह्मा ने जल का ही निर्माण किया था और उसमें सृष्टि के बीज को निक्षेप किया था। तब से लेकर आज तक जल पर्यावरण का एक महत्त्वपूर्ण अंग ही नहीं अपितु समग्र मानव जीवन का प्रमुख आधारस्रोत रहा है। मानव जब दूषित तत्त्वों द्वारा समुद्र, नदियों, तालाब तथा अन्य जल के स्रोत को प्रदूषित करता है तब यह दूषित जल गम्भीर बीमारियों का कारण बन जाता है। आज भी प्रकृति की गम्भीर समस्याओं के बीच जल की ुपयोगिता तथा शाश्वत शुद्धि पर प्रश्नार्थ चिन्ह लगा हुआ है। ऐसे में पौराणिककाल के ऋषि-मुनियों द्वारा जल संरक्षण के सन्दर्भ में कहे गये उपाय आज उपयोगी बन सकते हैं।

वर्तमान स्थिति की तुलना में पौराणिककाल में जनसंख्या अधिक न होने के कारण जल सम्बन्धित अशुद्धियां अधिक देखने को नहीं मिलती थी फिर भी शौचादि क्रिया के कारण जल अशुद्ध हो जाता था। ऐसे में तत्कालीन ऋषि-मुनियों ने जल शुद्धि बनाए रखने के लिए दण्ड तथा पाप का विधान किया है। यता - जो मानव जल में मूत्र, कफ एवं मल का त्याग करता है उन्हें अत्यन्त दुर्गन्धयुक्त विष्टा और पीब से पूर्ण विण्मूत्र नामक नरक में डाला जाता है।

**मूत्रश्लेष्मपुरीषाणि यैरुत्सृष्टानि वारिणि ।**
**ते पात्यन्ते च विण्मूत्रे दुर्गन्धे पूयपूरिते ॥** वामनपुराण, १२.३२

पुराणों में जल प्रदूषण के प्रति अत्यन्त सजागता दिखाई गई है। जैसे कि, ब्रह्मपुराण में जल में मल-मूत्र त्याग तथा मैथुन न करने का विधान प्राप्त होता है। नाप्सु मूत्रं पुरीषं वा मैथुनं वा समाचरेत्। इसी प्रकार विष्णुपुराण में भी जल वा जलाशय के तट पर मल-मूत्र त्याग न करने को कहा गया है।

विश्वस्य मातरः सर्वाः। अर्थात्नदियाँ चराचर जगत् की माता है। पद्मपुराण (आदि खं.-६) विष्णुपारण (२.३) तथा भागवतपुराण (५.६) में गंगा, यमुना, सरस्वती, नर्मदा, कावेरी, सरयू आदि विभिन्न नदियों का वर्णन किया गया है। इन नदियों में से वामनपुराण में सरस्वती माहात्म्य वर्णन (अध्याय-३२,३३), कूर्मपुराण में गंगा तथा यमुना माहात्म्य वर्णन (अध्याय-३७) तथा मत्स्यपुराण में नर्मदा माहात्म्य (अध्याय-१८६) का वर्णन कर पुराण अपने आप में एक महनीय ग्रन्थ बन जाता है। पौराणिककाल में नदियों तथा उसमें प्रवाहित जल के महत्त्व के साथ-साथ देवताओं द्वारा नदियों के संरक्षण एवं शुद्धि को भी वर्णित किया गया है। नदी संरक्षण के सन्दर्भ में भागवतपुराण के दशम स्कन्ध में श्रीशुकदेवजी द्वारा राजा परीक्षित को कहा गया है कि, भगवान श्रीकृष्ण जब यमुना नदी के जल को कालिय नाग द्वारा दूषित जानते हैं तब स्वयं यमुना नदी के जल को शुद्ध करने के लिए उस नाग का दमन कर उसे वहाँ से निकाल देते हैं।

**विलोक्य दूषितां कृष्णां कृष्णः कृष्णहिना विभुः ।**
**तस्या विशुद्धिमन्विच्छन् सर्पं तमुदवासयत् ॥** भागवतपुराण, १०.१६.१

स्वयं भगवान द्वारा यमुना नदी के संरक्षण की यहाँ बात कही गई है। औद्योगिकरण के कारण Instrumental Animal बना आज का मानव भी यदि जल को शुद्ध रखने का प्रयास करेगा तो निश्चित रूप में पर्यावरण की बहुधा समस्या का समाधान होगा।

**– वायु संरक्षण :**

पृथ्वी पर सभी जीव-जन्तु जिस वायु का उपयोग साँस लेने के लिए करते हैं उसमें वास्तविक रूप से नाइट्रोजन, ओक्सीजन, कार्बन डाईओक्साइड, ओजोन, हीलियम्, हायड्रोजन आदि अन्य गैस का कम या अधिक मात्रा में मिश्रण होता है। इनके अतिरिक्त धूल के सूक्ष्म कण भी वायु में मौजुद होते हैं। कारखाने, कारादि के धुएँ, परमाणु अस्त्र-शस्त्रों से वायुमण्डल का स्तर आज बढ़ता जा रहा है। जिसके परिणाम पृथ्वी के तापमान में भी काफी बढ़त देखी जा रही है। जिसे ग्लोबल वार्मिंग भी कहते हैं। जो मानव स्वास्थ्य के लिए घातक सिद्ध हो रहा है।

वायु अशुद्ध होने के कारण श्वास-दमे जैसी बीमारियाँ अब छोटे-छोटे बच्चों में भी दिखाई देने लगी है। एसे में वायु शुद्धिकरण के लिए हमें हमारी पौराणिक काल की संस्कृति अपनाने की आवश्यकता है। तत्कालीन ऋषि-मुनि प्रातःकाल तथा सायंकाल के समय यज्ञ करते थे। जिससे वायु शुद्ध होता था साथ ही वातावरण में मौजुद कीटाणुओं का भी नाश होता था। लिङ्गपुराण अनुसार सूर्योदय के साथ ही यज्ञ करना चाहिए क्योंकि इसी समय सूरज की किरणों में अत्यन्त तेज विद्यमान होता है। यज्ञ के पवित्र धुएं के मिश्रित होने से ही सूरज की किरणों का तेज और

भी बढ़ जाता है। जो वायु में फेले विषाणुओं का नाश करते हैं। मत्स्यपुराण अध्याय-२३१ में यज्ञानुष्ठान करने का निर्देश प्राप्त होता है।

**समिद्धिः क्षीरवृक्षाणां सर्षपैश्च घृतेन च ।**
**होमं कुर्यादग्निमन्त्रैर्ब्राह्मणांश्चैव भोजयेत ॥** मत्स्यपुराण, २३९.१०

यज्ञ के अतिरिक्त पद्मपुराण में तुलसी को वायु पवित्र करनेवाली कहा गया है। पेड़-पौधे ही वह प्रमुख स्रोत है जो अधिक मात्रा में ओक्सीजन देते हैं। जिसका हमें संरक्षण एवं संवर्धन करना चाहिए।

**– पेड़-पौधों का संरक्षण :**

पृथ्वी पर पेड़-पौधे न हो तो मानव का जीवन सम्भव ही नहीं है। मानव को आहार की सारी चीजें इन पेड़-पौधों में से ही प्राप्त होते हैं। पेड़ की लकडीयों तथा पौधों की औषदियों का ुपयोग आज मानव तरह तरह से कर रहा है। पेड़-पौधों के कारण ही कार्बन डाईओक्साइड जैसी गैस ओक्सीजन में परिवर्तित होकर मानव स्वास्थ्य तथा कृषि को लाभ पहुँचती है।

वेद-रामायण-महाभारत के पश्चात् पुराणों में पेड़-पौधों के महत्त्व का अधिक विस्तार प्राप्त होता है। अग्निपुराण में प्लक्ष के वृक्ष को उत्तर, न्यग्रोध को पूर्व गूलर को दक्षिण तथा पीपल की पश्चिम दिशा में लगाने को शुभ कहा गया है। स्कन्धपुराण में अन्य पेड़ों की अपेक्षा में पीपल के पेड़ को पवित्र कहते हुए इसे स्वयं भगवान का ही रूप माना गया है। स्कन्धपुराण में पेड़-पौधों के विषय में एक अन्य निर्देश प्राप्त होता है जिसके अन्तर्गत कहा गया है कि सृष्टि रचना के समय समस्त पेड़-पौधों में ईश्वर विद्यमान थे परन्तु पार्वतीजी बिल्व के पौधे में तथा लक्ष्मीजी तुलसी के पौधे में विद्यमान होने का निर्देश किया गया है।

**पार्वती बिल्व वृक्षस्थां लक्ष्मी च तुलसीगताम् ।** स्कन्दपुराण, १५.२१

पद्मपुराण में पेड़ काटने को दण्डनीय अपराध माना गया है। वही स्कन्दपुराण में इन्हें पूजा के सिवाय काटना अवांछनीय कहा गया है तथा पेड़ों को विशेषकर वर्षा ऋथु में तो बिकुल नहीं काटने का विधान किया गया है।

**एतेषां सर्ववृक्षाणाम् छेदन नेय कारयेत् ।**
**चातुर्मास्य विशेषेण विना यज्ञादिकारणम् ॥** स्कन्दपुराण, २०.८३

पुराण हमें वृक्ष का जतन एवं संवर्धन करने की प्रेरणा देते हैं क्योंकि उनके बिना मानव जीवन का अस्तित्व ही संभव नहीं है। अतः मानव जाती का भरण-पोषणकार, रोगों के विनाशकारी तथा वातावरण को शुद्ध करनेवाले पेड़-पौधों का संरक्षण करना हम सभी जाग्रत नागरिकों की जिन्मेदारी है।

**– पशु-पक्षी का संरक्षण :**

प्रकृति ईश्वर की देन है इसमें समाविष्ट पृथ्वी, जल, तेज, वायु, आकाश, पशु-पक्षी, पेड़-पौधे आदि सभी वस्तुओं का अपना एक महत्त्व है तथा इन्हीं के सहअस्तित्व के कारण ही यह समग्र सृष्टि का सञ्चालन होता है। ऐसे में किसी एक वस्तु के नुक्शान करनेपर प्रकृति में क्षोभ उत्पन्न होता है। जिसका परिणाम समग्र जीवों को भुगतना पड़ता है। पर्यावरण में जितना अन्य पदार्थों का महत्त्व है उतना ही पशु-पक्षी का भी है। इसलिए वेद-पुराण आदि

ग्रन्थों में पशु–पक्षी को देवी–देवताओं के रूप के साथ सम्बद्धकर उनकी महिमा का वर्णन किया गया है। इसका मूल कारण यह है की ईश्वर सभी चर–अचर वस्तुओं में विद्यमान है।

**एतन्नानावताराणां निधानं बीजमव्ययम् ।**

**यस्यांशांशेन सृज्यन्ते देवतिर्यङ्नरादय ॥** भागवतपुराण, १.३.५

अर्थात् यह पुरुष स्वरूप नारायण से ही सभी अवतार प्रकट होते हैं और इन्हीं के स्वरूप के छोटे–छोटे भागों से विभिन्न प्रजापतियों जैसे की समग्र देवतागण, पशु–पक्षी तथा मानवजाति उत्पन्न होती है। ईश्वर द्वारा सर्जित प्राणी सृष्टि जो पर्यावरण के संरक्षण के लिए अत्यन्त उपयोगी है ऐसे पशु–पक्षी को वर्तमान समय में मानव नाश करने पर तुला हुआ है। जब की पुराणों में पशुवध का निषेध किया गया है। यथा – नृसिंहपुराण में पक्षी को भक्षण करनेवाले के सारे पुण्यकर्म व्यर्थ हो जाने का विधान है। पुराणों में ईश्वर की बनायी हुई किसी भी वस्तुओं को नाश न करने तता उन्हें हानि न पहुँचाने का निर्देश किया गया है। तथा ऐसा न करनेवालों पर ईश्वर प्रसन्न होने का विष्णुपुराण में वर्णन किया गया है। यथा – भगवान केशव उन्हीं से प्रसन्न होते हैं जिसने किसी की हत्या न की हो, पेड़ों तथा प्राणियों को या सृष्टि को नुकशान न पहुँचाया हो।

**न ताडयति नो हन्ति प्राणिनोऽन्यांश्च देहिनः ।**

**यो मनुष्यो मनुष्येन्द्र तोष्यते तेन केशवः ॥** विष्णुपुराण, ३.८.१५

इस प्रकार पुराणों में पशु–पक्षी वध का निषेध करने हुए पर्यावरण को संरक्षित करनेवाले प्रशस्त मार्ग की ओर संकेत किया है। मानव यदि प्रकृति में सन्तुलन बनाएँ रखना चाहता है तो उसे सभी पशु–पक्षी तथा जीव–जन्तु जो लुप्तप्राय होने की कगार पर हैं उनका संरक्षण करना होगा।

उपर्युक्त निर्देशों से स्पष्ट होता है कि पुराणों में विभिन्न मन्त्रों तथा कथा प्रसंगादि द्वारा मानव को पर्यावरण संरक्षण के लिए जागृत किया गया है। मानव द्वारा वर्तमान समय में भी पर्यावरण संरक्षण के लिए विभिन्न उपाय किये जा सकते हैं। जैसे कि, कम से कम मात्रा में कीटनाशक दवाओं का उपयोग, घर में छोटे–छोटे पेड़–पौधे लगाना, बिजली–पानी–गैस आदि का कम मात्रा में उपयोग करना, विद्युत शवदाह का उपयोग करना, लकडीयों को कम जलाना आदि। इन सभी चीजों के कम इस्तेमाल से हम पर्यावरण का संरक्षण कर सकते हैं। आप तथा हम सभी को पर्यावरण संरक्षण के लिए प्रण लेने चाहिए तथा वेदों और पुराणों में कहे गए उपायों को अपनाकर पर्यावरण की रक्षा करनी चाहिए।

**॥ प्रकृति रक्षतिः रक्षिताः ॥**

## संकेत सूची

१. वामनपुराण, १४.२६

२. पञ्चाशत्कोटिविस्तारा सेयमुत्वी द्विजोत्तमाः।
सहैवाण्डकटाहेन सद्वीपा समहीधरा॥
सेय धात्री विधात्री च सर्वभूतगुणाधिका।
आधारभूता जगतासर्वेषा सा द्विजोत्तमाः॥ ब्रह्मपुराण, २०.९८,९९

३. भूमिर्विशुध्यते कालाद्दाहमार्जनगोकुलै।
लेपादुल्लेखनात्सेकाद्वेश्म संमार्जनादिना। ब्रह्मपुराण, २२९.१२३,१२४

४. न देवगोब्रह्मणवह्निमार्गे न राजमार्गे न चतुष्पथे च।
कुर्यादथोत्सर्गमपीह गोष्ठे पूर्वापरां चैव समाश्रितो गाम्॥ वामनपुराण, १४.३०

५. यः शरीरादभिध्याय सिसृक्षुर्विविधं जगत्।
अप एव ससजादौ तासु बीजमवासृजत्॥ मत्स्यपुराण, २.२८

६. ब्रह्मपुराण, २२१, २४

७. न कृष्टे सस्यमध्ये वा गोव्रजे जनसंसदि।
न वर्त्मनि न नद्यादितीर्थेषु पुरुषर्षभ॥ विष्णुपुराण, ३.११.१२

८. लिङ्गपुराण, ३५

९. तुलसीगंधमाघ्रायययत्रगच्छतिमारुतः।
दिशोदशचताः पूताभूतग्रामश्चतुर्विधः॥ पद्मपुराण, ६.२३.३३

१०. अग्निपुराण, २७४.२४

११. स्कन्दपुराण, १८९.६५

१२. पद्मपुराण, ५६.४०,४१

१३. पक्षी दग्धं सुदुर्बुद्धे पापात्मन् साम्प्रतं वृथा।
वृथास्नानं वृथा तीर्थं वृथा जप्तं वृथा हुतम्॥ नृसिंहपुराण, १३.४४

# મહર્ષિ દયાનન્દ સરસ્વતીની દૃષ્ટિએ ઈશાવાસ્ય ઉપનિષદ્-માં નિરૂપિત વિદ્યા-અવિદ્યાનું અર્થઘટન

– ડૉ. મહેશકુમાર એ. પટેલ, *અધ્યક્ષ સંસ્કૃત વિભાગ, ગુજરાત કૉલેજ, અમદાવાદ*

મન્ત્રસંહિતાના પ્રામાણ્યથી ઈશાવાસ્ય ઉપનિષદ્ પ્રધાન ઉપનિષદોમાં પ્રથમ સ્થાન પામ્યું છે. વિદ્વાનો તેના ૧૮ મન્ત્રોને વર્ણ્યવિષયને આધારે ચાર ભાગમાં વહેંચે છે. મન્ત્ર ૧ થી ૩ માં ઈશ્વરની સર્વવ્યાપકતા છે અને સાથે મનુષ્યે સાંસારિક ભોગ વિલાસમાં રાચ્યા વિના આત્માની ઓળખ માટે યત્નશીલ બનવાની વાત છે. મન્ત્ર ૪ થી ૭ માં ઈશ્વર સર્વવ્યાપી છે અને અંતર્યામી છે માટે એક જ આત્મામાં અનેક પદાર્થોને અને અનેક પદાર્થોમાં નિહિત આત્માની ઓળખ કરવાની હિમાયત છે. મન્ત્ર ૮ થી ૧૪ માં આત્માને કવિ, મનીષી અને પરિભૂ કહ્યો છે. ત્યારબાદ વિદ્યા-અવિદ્યા, સંભૂતિ-અસંભૂતિ અને વ્યક્તિ-સમષ્ટિની ગહન વાત કરવામાં આવી છે. છેવટે મન્ત્ર ૧૫ થી ૧૮ માં ઈશ્વર જ સત્ય છે, સત્યના ઢંકાયેલા મુખને ઉઘાડી તેનાં સાચા સ્વરૂપને જાણવાની અને ક્રતુ એટલે કે પુરુષાર્થવાદી બનીને પણ સત્યરૂપી પરમેશ્વરને પામવાની હિમાયત કરી છે.

ચતુર્વિધ પ્રકારે વિદ્વાનો દ્વારા વહેંચાયેલા ઈશોપનિષદ્‌ના વિષયોમાં ઈશનું સર્વવ્યાપીપણું સૌને સહજ સમજાય એમ છે. એક જ આત્મામાં અનેક પદાર્થોને અને અનેક પદાર્થોમાં નિહિત એક આત્માની ઓળખ કરવાની વાત થોડી કઠીન છે પરંતુ પ્રયત્ન કરતાં મનુષ્ય સમજી શકે એમ છે. પરંતુ વિદ્યા-અવિદ્યા, સંભૂતિ-અસંભૂતિ અને વ્યક્તિ-સમષ્ટિની વાત સમજવામાં થોડી ગહન, ગંભીર અને વિશેષ પ્રયત્નસાધ્ય છે. મહર્ષિ દયાનન્દ સરસ્વતીએ આ વાતને અત્યંત સરળ, સહજ અને અસરકારક રીતે સમજાય એવું અર્થઘટન કર્યું છે.

મહર્ષિ દયાનન્દ ઈશાવાસ્ય ઉપનિષદ્-માં નિરૂપિત વિદ્યા-અવિદ્યાના પ્રપંચનું અર્થઘટન નીચે મુજબ સમજાવે છે.

**अन्धन्तमः प्रविशन्ति ये विद्यामुपासते ।**
**ततो भूय इव ते तमो य उ विद्यायां रताः ॥**

જેઓ અવિદ્યાની ઉપાસના કરે છે તેઓ ગાઢ અંધકારમાં પ્રવેશે છે. પરંતુ જેઓ વિદ્યામાં (જ) કાર્યરત રહે છે તેઓ ખરેખર એથીયે અધિક અંધકારમાં પ્રવેશ કરે છે.

આ મન્ત્રમાં વિદ્યા અને અવિદ્યામાં મગ્ન એવા મનુષ્યની વાત કરી છે. પરંતુ વિદ્યા અને અવિદ્યા એટલે શું ? અને અવિદ્યા એટલે શું ? આ વિશે અનેક વિદ્વાનોએ ભિન્ન ભિન્ન મતો આપ્યા છે.

(૧) શંકરાચાર્યના મતે અવિદ્યા એટલે અગ્નિહોત્ર વગેરે કર્મો જ્યારે વિદ્યા એટલે ૐકારની ઉપાસના.
(૨) સ્વામી દયાનંદના મતે અવિદ્યા એટલે ભૌતિકવિદ્યા જ્યારે વિદ્યા એટલે અધ્યાત્મવિદ્યા.
(૩) રામાનુજાચાર્યના મતે અવિદ્યા એટલે કર્મ અને વિદ્યા એટલે બ્રહ્મની ઉપાસના.
(૪) મધ્વાચાર્યના મતે વિદ્યા એટલે ઈશ્વરનું યથાર્થ જ્ઞાન અને અવિદ્યા એટલે ઈશ્વરનું અયથાર્થજ્ઞાન.
(૫) પંડિત સાતવલેકરના મતે વિદ્યા એટલે આત્માના સ્વરૂપનું જ્ઞાન અને અવિદ્યા એટલે જગતનું વિજ્ઞાન.
(૬) મહર્ષિ અરવિંદના મતે વિદ્યા એટલે એકતાનું જ્ઞાન અને અવિદ્યા એટલે અનેકતાનું જ્ઞાન.
(૭) રાધાકૃષ્ણના મતે વિદ્યા એટલે Knowledge - જ્ઞાન અને અવિદ્યા એટલે Ignorance - જ્ઞાનનો અભાવ.

(૮) વિનોબા ભાવેના મતે વિદ્યા એટલે ‘જાણવું’ અને અવિદ્યા....

ઉપર્યુક્ત સિવાય પણ બીજાં ઘણાં અર્થઘટનો પ્રાપ્ત થાય છે. જેમ કે,

(૯) વિદ્યા એટલે માત્ર ભૌતિક વિજ્ઞાન, અને અવિદ્યા એટલે આવા જ્ઞાનનો અભાવ.

(૧૦) વિદ્યા એટલે નિવૃત્તિમય રહેવું અને અવિદ્યા એટલે સતત પ્રવૃત્તિ.

(૧૧) વિદ્યા એટલે કોઈ કારણ માટેનું જ્ઞાન અને અવિદ્યા એટલે કાર્ય માટેનું જ્ઞાન.

(૧૨) વિદ્યા એટલે ઈશ્વર માટેનું કાર્ય અને અવિદ્યા સાંસારિક કાર્ય.

(૧૩) વિદ્યા એટલે જીવ, જગત અને ઈશ્વર વચ્ચેનો અભેદ જ્યારે અવિદ્યા એટલે જીવ, જગત અને ઈશ્વર વચ્ચે ભેદ જોવો.

વિદ્યા અને અવિદ્યા વિશે આટલાં બધાં અર્થઘટનો એવા પછી પણ ઉપનિષદ્કારને ખરેખર કયો મત અભિપ્રેત હશે એ જાણવું મહામુશ્કેલ છે. કેમ કે વિદ્યા અને અવિદ્યા વિશેની વિદ્વાનોએ કરેલી વાતો ક્યારેક અસંગત લાગે છે. ક્યારેક શંકા-કુશંકા જન્માવે છે અને ક્યારેક અસમંજસમાં મૂકી દે છે. આવી સ્થિતિમાં આ બાબતને ઉદાહરણ સાથે સમજાવતાં સ્વામી દયાનંદ જણાવે છે કે, કેટલાક લોકો માત્ર કર્મ જ કર્યા કરે છે. એટલે કામકાજમાં જ વ્યસ્ત રહે છે. આવા લોકોમાં મજૂર, કર્મકાંડીઓ, કારીગરો, વેપારીઓ કે ઉદ્યોગપતિઓ પણ આવી જાય. ખૂબજ મહેનત કરીને લક્ષ્યને પૂર્ણ કરવા મથતા આ લોકો કાર્યકુશળતા અને વ્યવસાયલક્ષી બુદ્ધિને કારણે જ્ઞાનની ઉપેક્ષા કરે છે. ક્યારેક કોઈક જ્ઞાની મળે તો તેની ઉપેક્ષા કે મજાક પણ કરે. પાછળથી એમની નિન્દા-ટીકા પણ કરે. પરંતુ છેવટે આવા લાકોને જેમ કોઈ અંધ મનુષ્ય (કોઈ સંકેત સાંભળ્યા વિના) ચાલવા માંડે અને વૃક્ષ કે દિવાલને અથડાય કાં તો કોઈ ખાડામાં પડી જાય છે, એમ આ લોકો માત્ર કર્મવાદી બની રહે છે પણ જ્ઞાનને પામતા નથી. છેવટે તેમનું માનવજીવન નિરર્થક જાય છે. આમ માત્ર કર્મવાદી બની રહેવું તેનું નામ ‘અવિદ્યા’ અને જ્ઞાન પ્રાપ્ત કરવું તેનું નામ ‘વિદ્યા’.

આમ, જેઓ માત્ર કર્મમાં જ પ્રવૃત્તિ રાખે છે એટલે કે, ‘અવિદ્યા’ની ઉપાસના કરે છે તેઓ રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અસૂયા, હર્ષ શોક વગેરેમાં ફસાઈને અજ્ઞાનરૂપી ગાઢ અંધકારમાં પ્રવેશે છે અને જ્ઞાનથી વંચિત રહીને મનુષ્ય જીવનને વ્યર્થ બનાવે છે.

પરંતુ આપણાં અડધા મન્ત્રમાં તો એમ પણ કહ્યું છે કે, જેઓ ‘વિદ્યા’ની ઉપાસના કરે છે તેઓ તો એથીયે અતિ-અધિક અંધકારમાં પ્રવેશીને નાશ પામે છે. આ સમજાવતાં મહર્ષિ દયાનંદ કહે છે કે, જ્ઞાની મનુષ્ય કેવળ જ્ઞાનની જ ચર્ચા વિચારણા કર્યા કરે. જ્ઞાનપૂર્ણ વાદવિવાદ, સંવાદ અને વાર્તાલાપમાં જ સમય પસાર કરે છે. પરંતુ જો તે પોતાની કાર્યશક્તિ પ્રમાણે કશું જ કામ ન કરે, તો તેવા અકર્મી (કર્મ ન કરનારા) જ્ઞાનીનું જ્ઞાન ઉત્પાદન કે ફળરહિત છે. જ્ઞાન અને કર્મ સાથે રહે તો ઉત્તમોત્તમ કર્મ થતાં રહે છે. જ્ઞાન હોવાં છતાં કર્મ કરે તેને કર્મફળ મળતું નથી. આવા લોકો ‘વિદ્યા’ની ઉપાસના કરનારા હોવા છતાં પણ પેલા જ્ઞાનની ઉપેક્ષા કરનારા કર્મ પરાયણ લોકો કરતાં પણ ઊંડા અંધકારને પ્રાપ્ત થાય છે. જે ‘વિદ્યા’ અને ‘અવિદ્યા’ બંનેને સાથે જાણે છે. તેઓ વિદ્યાથી મૃત્યુને તરી જઈને વિદ્યાથી અમૃતતત્ત્વને પામે છે.

આ વાતને વધારે પુષ્ટ કરતાં મહર્ષિ દયાનંદજીએ કહ્યું કે, યજ્ઞકાર્યોરૂપી નૌકા મોક્ષ - પ્રાપ્તિના લક્ષ્ય સુધી લઈ જવા માટે સુદઢ કે પર્યાપ્ત નથી. પરંતુ મનુષ્યનું સમગ્ર જીવન જ યજ્ઞરૂપ બને એ જરૂરી છે. વળી, તેની સાથે અધ્યાત્મજ્ઞાન અને આત્મવિકાસ થાય તેમજ આત્મસમર્પણનો ભાવ જાગે ત્યારે જે ઈશ્વરની ઉપાસના થાય છે તે મુક્તિ કે મોક્ષમાર્ગ ઉપર પ્રગતિ કરાવે છે. અર્થાત્ જ્ઞાન, કર્મ અને ઉપાસના ધ્યેયની સુમેળ થાય તો જ મોક્ષનો અધિકાર મળે છે.

આમ, મહર્ષિએ માત્ર કર્મોમાં પ્રવૃત્ત ન રહેવા કે માત્ર જ્ઞાનવાન બની જવું અને કોઈ કર્યાં ન કરવાં, એવું ન કરવાની સ્પષ્ટ હિમાયત કરી છે. એમના માટે તો કર્મો કરતાં કરતાં જ્ઞાનની ઉપાસના કરીને મોક્ષપ્રાપ્તિના દ્વાર સુધી જવાની કેડી કંડારવાની છે.

વિદ્યા અને અવિદ્યાનું ફળ કેવું હોય છે ?

મનુષ્ય જો વિદ્યામાં મગ્ન રહે અથવા અવિદ્યામાં રમમાણ રહે તો અન્તે તેને કેવું ફળ મળે છે. તેની વાત પણ કરવામાં આવી છે.

**अन्यदेवाहुर्विद्यायादन्यदाहुर्विद्यायाः ।**
**इति शुश्रुम धीराणां ये नस्तद्विचचक्षिरे ॥**

જેમણે અમને તે (વિદ્યા-અવિદ્યા) ની વ્યાખ્યા કરી છે તેમણે તે પ્રાજ્ઞપુરુષો પાસેથી અમે સાંભળ્યું છે કે તે ફળ વિદ્યાથી અને અવિદ્યાથી જુદું જ છે.

શંકરાચાર્ય કહે છે કે, જે વિદ્યાની ઉપાસના કરે છે તે લોકો દેવલોકમાં જાય છે અને જેઓ અવિદ્યાની ઉપાસના કરે છે તે લોકો પિતૃલોકમાં જાય છે. એટલે કે વિદ્યાનું ફળ ‘દેવલોક’ અને અવિદ્યાનું ફળ ‘પિતૃલોક’ છે. જે લોકો દેવલોકને પામે છે તેઓ પરમતત્ત્વની બ્રહ્મતત્ત્વની તરફ ગતિ કરે છે. અને જે લોકો પિતૃલોકને પામે છે તેઓ કર્મનું ફળ ભોગવવા વારંવાર જન્મ લઈને જન્મમરણની ઘટમાળામાં અટવાયા કરે છે.

આ જ વાતને સમાવતાં સ્વામી દયાનંદ કહે છે કે, અનિત્ય પદાર્થોને નિત્ય માનવા, અશુદ્ધ કે અપવિત્ર પદાર્થોને પવિત્ર સમજવા, દુઃખને સુખ સમજીને ભોગવવું, નિર્જીવ (અનાત્મ) વસ્તુઓમાં આત્મા છે એમ માનવું આ બધું યોગદર્શનની દૃષ્ટિએ અવિદ્યા છે. સંસારના ભોગ વિલાસ, સમૃદ્ધિ, ધન-દૌલત આ બધું અનિત્ય છે. છતાં લોકો તેની પાછળ દોડે છે.

શરીરમાં મળ, મૂત્ર, સ્વેદ વગેરે થોડું ઘણું તો હંમેશાં રહ્યા જ કરે છે. તેની સંપૂર્ણ શુદ્ધિ થાય નહીં. છતાં મનુષ્ય શરીરની બાહ્ય શુદ્ધિ કરે, તેને શણગારે, શોભાવે આ બાબત અપવિત્રને પવિત્ર સમજવા જેવી છે.

લોકો સ્વાદ માટે થઈ ખાટા, ખારા, તીખા અને મેદાયુક્ત પદાર્થો ખાય તેનાથી આગળ જતાં રોગ જ થવાનો છે. ભાવિ દુઃખ તૈયાર જ છે આવું જાણવા છતાં, તે દુઃખને જીભ વગેરે ઇન્દ્રિયોને સુખ મળે છે એમ સમજી મનુષ્ય ભોગ ભોગવે છે. વળી, લોકો જડ મૂર્તિઓમાં ઈશ્વર છે એવું માની તેની પ્રતિષ્ઠા કરે અને નિર્જીવ (અનાત્મ) હોવા છતાં તેની પૂજા કરે છે. આ બધું કરનારા અર્થાત્ અવિદ્યાને માનનારા ગાઢ અંધકારને પામે છે. એ જ અવિદ્યાનું ફળ છે. આનાથી વધારે કષ્ટદાયક આત્મતત્ત્વવાળા મનુષ્ય માટે બીજું શું હોય ? ટૂંકમાં, અવિદ્યાનું ફળ અધઃપતન છે.

જ્યારે વિદ્યાનું ફળ - પરિણામ આથી ઉલટું છે. નિત્યને નિત્ય માનવું. શુદ્ધને શુદ્ધ જાણવું. દુઃખને દુઃખ અને સુખને સુખ સમજવું. આત્માવાળાને આત્માવાળી (સજીવ) સમજીને વ્યવહાર કરવો. આ બધાં વિદ્યાનાં ફળ છે. ક્ષણભંગુર જીવનની પાછળ ભાગ્યા વિના આત્મવિકાસ કરીને અધ્યાત્મ પરાયણ બનવું અને ઈશ્વરના દિવ્ય આનંદની પ્રાપ્તિ કરવી એ વિદ્યાનું ફળ છે. ટૂંકમાં, વિદ્યા એટલે આત્માનો આત્મન્તિક ઉત્કર્ષ અને ઈશ્વર સાથેનું ઐક્ય છે.

અવિદ્યાથી મૃત્યુને તરી જઈને વિદ્યા વડે અમૃતને કેવી રીતે પામી શકાય. આ જ વાતને પણ સ્વામીજી સરળ રીતે સમજાવે છે.

**विद्यां चाविद्यां च यस्तद्वेदोभयं सह।**
**अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ॥**

જે વિદ્યા અને અવિદ્યા બંનેને સાથે જાણે છે. તે અવિદ્યાથી મૃત્યુને તરી જઈને વિદ્યા વડે અમૃતને પામે છે.

આ વિશે સ્વામી દયાનંદ કહે છે કે, જે મનુષ્ય વિદ્યા અને અવિદ્યા બંનેનો સમન્વય કરીને પોતાના જીવનનો વિકાસ કરે છે તે અવિદ્યાથી મૃત્યુને તરી જાય છે અને વિદ્યાથી અમૃતનું પાન કરે છે. પરંતુ અવિદ્યાથી મૃત્યુને કેવી રીતે તરી જવાય છે ? વર્તમાન યુગમાં ભૌતિક વિજ્ઞાનરૂપ અવિદ્યાથી મૃત્યુને તરી શકાય છે. વિજ્ઞાનના માર્ગદર્શનથી આરોગ્ય સાચવી, રોગનાશક દવાઓથી આયુષ્યનો દર વધ્યો અને પીડાઓનું શમન થયું. આ દૃષ્ટિએ અવિદ્યાથી મૃત્યુને થોડું દૂર લઈ જવાનો પ્રયાસ થયો છે. એટલે માનો કે, મૃત્યુને લગભગ તરી જવાય એમ કહેવાય.

હવે પ્રશ્ન છે વિદ્યાથી અમૃતનું પાન કરવાનો. ભૌતિક અને વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓથી મૃત્યુને અલ્પાંશે તરવાનો યત્ન માનવે કર્યો. પરંતુ તે ભૌતિક વિજ્ઞાન મનુષ્યને આંતરિક સુખ, સંતોષ, શાંતિ કે આનંદ આપી શકે નહીં. એવી જ રીતે મોક્ષ કે અમરત્વ પણ આપી કે અપાવી શકે નહીં. એના માટે મનુષ્યે ભૌતિક-ભોગવિલાસો ભોગવનારા શરીરને બદલે આત્માને જાણવાની જરૂર છે. હું માત્ર શરીર નથી. હું તો આત્મા છું. હું નાશવન્ત નથી. હું અજર-અમર અને અવિનાશી પુરુષ છું. આ આત્મભાવનો અનુભવ થતાં જ મનુષ્યનાં શારીરિક દુઃખો દૂર થઈ જાય છે. પરંતુ આ વાત માત્ર બોલવાથી સમજાય નહીં, તેના માટે પ્રયત્ન કરવો પડે છે. એકવાર પોતાનું અને આત્માનું સ્વરૂપ સમજાઈ જાય પછી મનુષ્ય નિષ્કામભાવે કર્મો કરતાં કરતાં વિષયોમાંથી મુક્ત થઈને આ ભવસાગરને પાર ઊતરી જાય છે. આનું જ નામ, અવિદ્યાથી મૃત્યુને તરી જઈને વિદ્યાથી અમૃતને પામવું છે. આત્માના જ્ઞાનને કોઈપણ સંશય વિના ક્રિયાત્મકરૂપે પોતાના જીવનમાં ઉતારવું એટલે જ વિદ્યા વડે અમૃતત્ત્વને પ્રાપ્ત કરવું.

આમ, વિદ્યા અને અવિદ્યા પરસ્પર વિરોધી નથી, પરંતુ સહયોગી છે. ભૌતિક વિજ્ઞાન (એટલે કે અવિદ્યાથી) સંસારને - મૃત્યુને તરીને, માનવજીવનને સાધન બનાવીને આત્મજ્ઞાન (એટલે વિદ્યા) દ્વારા અમૃતત્ત્વ (મોક્ષ) પ્રાપ્તિ કરી લેવાની હિતકારક હિમાયત કરી છે.

OOO

# શ્રીરામકીર્તિ મહાકાવ્યની ઉપાદેયતા

– ડૉ. ભાઈલાલભાઈ જી. પટેલ, *પ્રિ.શ્રી તેજેન્દ્રપ્રસાદજી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, કોઠંબા,*

શ્રી રામકીર્તિમહાકાવ્યના કર્તા ડૉ. સત્યવ્રત શાસ્ત્રી (જન્મ ૨૯ સપ્ટેમ્બર ૧૯૩૧, લાહોર) સંસ્કૃત ભાષાના વિદ્વાન અને મહત્ત્વપૂર્ણ રચનાકાર છે. તેમણે ત્રણ મહાકાવ્યોની રચના કરી છે. પ્રત્યેકમાં સહસ્ર શ્લોક છે. 'बृहत्तम् भारतम्' श्रीबोधिसत्त्वचरितम् અને वैदिकव्याकरण એમની પ્રમુખ રચનાઓ છે. વર્ષ ૨૦૦૯ માં ભારત સરકાર દ્વારા તેમને સંસ્કૃત ભાષામાં જ્ઞાનપીઠ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડૉ. સત્યવ્રત શાસ્ત્રીએ પંજાબ યુનિવર્સિટીમાંથી સંસ્કૃત સાથે સ્નાતક અને બનારસ વિશ્વવિદ્યાલયમાંથી 'भर्तृहरिकृत वाक्यपदीय में दिक्काल मीमांसा' વિષય ઉપર પીએચ. ડી. ની પદવી મેળવી હતી.

ડૉ. સત્યવ્રત શાસ્ત્રીએ ૧૯૯૫ થી દિલ્હી યુનિવર્સિટીમાં અધ્યાપન કાર્યની શરુઆત કરી. પોતાના ચાલીસ વર્ષના કાર્યકાળ દરમિયાન તે વિભાગાધ્યક્ષ તથા આર્ટ્સ વિભાગના અધ્યક્ષ પદ પર રહ્યા. તેઓએ જગન્નાથ વિશ્વવિદ્યાલય પુરીમાં કુલપતિ પદ પણ શોભાવ્યું. આ ઉપરાંત તેમણે વિદેશમાં પણ સંસ્કૃતના પ્રચાર-પ્રસારનું કાર્ય કર્યું. તેમના પ્રયાસોથી શિલ્પાકોન વિશ્વવિદ્યાલય, થાઈલેન્ડમાં સંસ્કૃત અધ્યયન કેન્દ્રની સ્થાપના થઈ. ભારત સરકાર દ્વારા તેમની અધ્યક્ષતામાં દ્વિતીય સંસ્કૃત આયોગની સ્થાપના કરવામાં આવી. એમને અનેક એવોર્ડ અને પુરસ્કારોથી સન્માનવામાં આવ્યા છે. તેમના દ્વારા રચિત શ્રીરામકીર્તિ મહાકાવ્યોનો હિન્દી, કન્નડ, અસમિયા, તેલુગુ, તમિલ, મલયાલમ, ઉડિયા અને ગુજરાતી ઇત્યાદિ ભારતીય ભાષાઓ તથા થાઇલેન્ડની થાઈ ભાષા અંગ્રેજી અને ફ્રેંચ ભાષામાં અનુવાદ થયો એ પણ મહાકાવ્યોની લોકપ્રિયતા સૂચવે છે.

થાઇલેન્ડમાં 'થાઇરામક્રિયન' નામે ઓળખાતી રામકથાનો ડૉ. સત્યવ્રત શાસ્ત્રીએ આધાર લઇ થાઇલેન્ડની રામાયણને શ્રીરામકીર્તિમહાકાવ્ય સ્વરૂપે પચ્ચીસ સર્ગ અને ૧૧૨૯ શ્લોકોમાં આલેખી છે. થાઇલેન્ડની રામકથા આપણી વાલ્મીકિ રામાયણ કરતાં જુદી પડે છે. જેનો પરિચય આપણે આ મહાકાવ્યોમાં જોવા મળે છે. આપણા શોધલેખનો વિષય શ્રીરામકીર્તિમહાકાવ્યની ઉપાદેયતા હોવાથી અહીં અપ્રાસંગિક ચર્ચાનું લાઘવ કરવામાં આવ્યું છે.

**કામ ઉપર સંયમ મેળવો :**

न विवेकजनोऽपि निवर्तयितुं प्रभवेदिममित्यमृषोध्वचः ।[१]

(વિવેકી (જ્ઞાની) જેનો પણ તરુણીના આકર્ષણથી બચી શકતા નથી, એ પરમ સત્ય છે.) અને વળી,

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।[२]

(કામનાઓના ઉપયોગથી કામ (વિષયેચ્છા) શાંત થતી નથી.) અને વળી,

त्वरयति रन्तुमहो जनं मनोभूः ।[३]

(કામદેવ રમણ કરવા માટે મનુષ્યને ઉતાવળો બનાવે છે.)

ભગવદ્ગોમંડળમાં કામના અને અર્થો આપ્યા છે. એ પૈકી કામ એટલે ઇચ્છા (પુ). મનોરથ, વાસના, સ્પૃહા, એવો અર્થ અહીં અભિધેય છે. માણસના છ - દુશ્મનો પૈકીનો એક શત્રુ કામ છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં

કહ્યું છે કે ધર્મથી અવિરુદ્ધ કામનો ઉપભોગ કરો. કામશક્તિ ઓછી કરો, કામ જરૂરી છે. પણ એની હદ બાંધો, અત્યંત કામશક્તિથી વ્યક્તિનું પતન થાય છે.

ઇન્દ્રિયો આપણને ગુલામ બનાવે કે ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ થતાં વૃદ્ધત્વ આવે એના કરતાં અને વશમાં રાખીને સંસાર સુખ અનુભવો. નહૂષ રાજા ઇન્દ્રની પત્નીને પામવા ગયો તો સ્વર્ગથી ભ્રષ્ટ થયો. માટે જીવનમાં કામ ઉપર સંયમ મેળવતાં શીખો.

મહાપુરુષ - સત્પુરુષને ઓળખો :

महाजनो येन गतः स पन्था ।[४]

(મહાપુરુષો જે રસ્તે યા તે રસ્તો જ શ્રેષ્ઠ ગણાય) અને વળી,

न हीश्वरव्याहृतयः कदाचित्पुष्णन्ति लोके विपरीतमर्थम् ।[५]

(ઐશ્વર્યવાન મહાત્માઓના વચનો ક્યારેય મિથ્યા નથી થતાં) અને વળી,

महतां निः सीमानश्चरित्रभूतयः ।[६]

(મહાપુરુષોના ચરિત્રની સમૃદ્ધિઓ સીમા વગરની હોય છે.)

આમ સજ્જન સત્-પુરુષ વિશે સંસ્કૃતમાં ખૂબ કહેવાયું છે. સજ્જનો માટે 'સાધુ પુરુષ' એવો શબ્દ વપરાય છે. આવા સજ્જનો મિત્રો વડીલો, સહકાર્યકરો, કુટુંબીઓ અને ગુરુઓના રૂપમાં મળતા હોય છે.

આમ જીવનમાં હમેશા સારા માણસો સાથે બેસવુ. તેમને મળવું એટલે પુષ્પવાળા બગીચામાં બેસવું. રામની સાથે મિત્રતા કરવાથી વિભીષણ લંકાપતિ બન્યો. સુગ્રીવને પોતાની પત્ની પછી મળી. ભગવાન કૃષ્ણનો સંગ કરવાથી પાંડવોની મહાભારતના યુદ્ધમાં જીત થઈ. માટે જીવનમાં સત્પુરુષોનો સંગ કરતા શીખો.

**ગુરુ - વડીલોની આજ્ઞા માનો :**

आज्ञा गुरुणां ह्यविचारणीया ।[७]

(ગુરુની આજ્ઞા વિષે વિચાર કરવો જોઇએ નહીં.) અને વળી,

महाजनस्य सम्पर्कः नोन्नतिकारकः ।[८]

(મોટા માણસોનો સંપર્ક કોના માટે ઉન્નતિકારક નથી હોતો ?) અને વળી,

आचार्य देवो भव ।[९]

(આચાર્યને દેવ માનો)

વડીલો, ગુરુજનો જ્ઞાન અને અનુભવમાં વડીલ મોટા હોવાથી તેઓ પોતાના જીવન દરમિયાન અનેક અનુભવોમાંથી પસાર થયા હોય છે. તેથી કયુ કામ કરવાથી તેનું શું પરિણામ મળશે તે તેઓએ જીવનમાં અનુભવ્યું હોય છે. માટે તેઓની આજ્ઞા પ્રમાણે ચાલવાથી ઓછા સમય અને ખર્ચમાં મોટા કાર્યો સરળતાથી પાર પાડી શકાય છે. માટે વડીલોની સલાહ-માર્ગદર્શન મેળવી કાર્ય કરો.

**આચરણ - સંકલ્પનું મહત્વ સમજો :**

आचारहीनं न पुनन्ति वेदाः ।[१०]

(આચરણહીનને વેદ પણ શુદ્ધ કરી શકતો નથી.) અને વળી,

स्वता स्तवो न कश्चन गुरुलघुवोऽपि न कश्चन् ।[११]

(પોતાની જાતે કોઈ નાનો કે મોટો નથી પણ, યોગ્ય આચરણને કારણે નાના-મોટપણું પામે છે.) અને વળી,

वृत्तिं हि महति सताम् ।[१२]

(આચરણ જ પૂજનીય છે.)

કોઈ પણ માણસ વંશ કુળ કે જાતિથી મોટો બની શકે નહીં યોગ્ય સંકલ્પ તથા યોગ્ય આચરણ માણસને કીર્તિ અપાવે છે. જેવી રીતે કૂવાનો ખોદનાર નીચે અને મહેલને બાંધનાર ઉપર જાય છે. वृत्तिं हि महति सताम् । (આચરણ જ પૂજનીય છે.)

આમ જીવનમાં સંકલ્પ અને આચરણનું મહત્ત્વ સમજી યોગ્ય સંકલ્પ અને યોગ્ય આચરણ દ્વારા જીવનને ઊર્ધ્વગતિ આપતા શીખો.

**પુરુષાર્થ કરો :**

जन्मादि दैवेऽधि न पौरुषं तु ।[१३]

(જન્મ પર દૈવી અધિકાર છે પૌરુષ પર નથી.) અને વળી,

इच्छन्ति देवा: सुन्वन्तं न स्वप्नाय स्पृहयन्ति । यन्ति प्रमादम् तन्द्रा: ।[१४]

(દેવતાઓ પુરુષાર્થીને ચાહે છે, આળસુ-સ્વપ્ન જોનારને નહીં, પ્રમાદીને દેવો અતન્દ્રી બનીને દંડ આપે છે.) 'There is no alternative of hard work' અને વળી

उद्यमेन हि सिद्ध्यन्ति कार्याणि न मनोरथैः ।

न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगा: ॥[१५]

(ઉદ્યમથી જ કાર્ય સિદ્ધ થાય છે, મનોરથથી નહી. સૂતેલા સિંહના મુખમાં મૃગો નથી પ્રવેશતા.)

જીવનમાં સફળ થવા માટે પુરુષાર્થ લક્ષ્ય પ્રાપ્તિ સુધી પહોંચવાનો રાજમાર્ગ છે. પુરુષાર્થ કરવાથી પ્રારબ્ધ પણ સાનુકૂળ થાય છે. દેવોએ સમુદ્રમંથન કરીને અમૃત મેળવ્યું. વિશ્વામિત્રે તપ કરીને મહર્ષિ પદ મેળવ્યું. વર્તમાન સમયમાં ધીરુભાઈ અંબાણી પરિવારે સખત પરિશ્રમ કરી વિશ્વના ધનવાનોમાં સ્થાન મેળવ્યું. આમ જીવનના દરેક ક્ષેત્રમાં પરિશ્રમ જરૂરી છે. માટે પરિશ્રમ કરતાં શીખો.

**સેવકની ફરજ કષ્ટદાયક છે :**

प्राणानपि प्रियान् सत्यं पळी कुर्वन्ति सेवक: ।[१६]

(પ્રાણ-ન્યોછાવર કરીને પણ સાચો સેવક સદા સેવકકાર્ય જ કરે છે.) અને વળી,

सेवाधर्मः परमगहनो योगीनामप्यगम्य: ।[१७]

(સેવાનો ધર્મ પરમ ગહન છે, જે યોગિઓને પણ અગમ્ય છે.) અને વળી,

कष्टोऽयं भृत्यभाव: ।[१८]

(આ સેવક હોવાનો ભાવ કષ્ટકારક છે.)

આપની સમાજ વ્યવસ્થામાં નોકરી કરતાં નોકર કે સેવકના બધા ગુણોને વિપરીત રીતે જોવામાં આવે છે. નોકર કે સેવકને ક્યારેય યશ મળતો નથી. સેવકોએ ઘણી મુશ્કેલીઓ અને યાતનાઓમાંથી પસાર થવાનું હોય છે. ફરજ પાલન તરફ કોઈ લક્ષ્ય આપતું નથી. સારું કામ કરતાં શાબાશી ના મળે, પણ કદાચ ભૂલ થાય તો સારું કામ ધોવાઈ જાય અને ઠપકો મળે તથા ગુસ્સાનો ભોગ બનવું પડે એ તો અલગ, સેવકના સદ્‌ગુણો દુર્ગુણ ગણાય છે. સેવક મૌન રહે તો મૂંગો, બોલવામાં ચતુર હોય તો વાયડો ગણાય છે. સ્વામીને પડખે રહે તો ધૃષ્ટ કહેવાય છે. આઘો રહે તો નમાલો કહેવાય છે. સહનશીલતા રાખે તો ડરપોક, ખમી લે તો ઘણુસારું હલકા કુળનો ગણાય છે. માટે માલિકે સેવક પ્રત્યે સૌહાર્દપૂર્ણ રીતે વર્તવું જોઈએ.

**દેવ-નસીબની પ્રબળતા :**

तनुते विधिरेव तत्क्षणात् ।[१९]

(વિધિની વિચિત્રતાને કોઈ નથી સમજી શક્યું અથવા વિધિની ગતિને કોઈ ઓળખી શક્યું નથી.) 'Mav is a puppet in the hards of almighty fate' અને વળી,

मकिञ्चना दैवगतिर्विचित्रा ।[२०]

(ખરેખર દેવની ગતિ અતિવિચિત્ર હોય છે.) અને વળી,

चक्रारपङ्क्तिरिवगच्छति भाग्यपङ्क्ति ।[२१]

(માનવીની હાર જીવનમાં સુખ કે દુઃખમાં તેનું નસીબ કારણભૂત હોય છે. ભારતીય માન્યતા મુજબ વિધાતા માણસના લાલટમાં તેના નસીબના લેખ લખે છે અને તે અફર હોય છે. માનવી જ નહીં પ્રકૃતિના તત્વો પાર દૈવ (ભાગ્ય) અસર કરે છે. સૂર્ય અને ચંદ્રને રાહુ ગળે છે તે તેમના નસીબની જ પ્રબળતા છે. વિધિના લેખને ઉથાપવાની કોઈની શક્તિ નથી. ભાગ્યની અસરમાંથી કોઈ છટકી શકતું નથી. વિધિના લખીયા લેખ લલાટે સાચા થાય થાય થાય. આ ભજન પણ ભાગ્યની પ્રબળતા બતાવે છે. આમ જીવનનાં દરેક કર્યો પુરી નિષ્ઠા, ખંત અને મન દઈને કરો પછી તેમાં સફળતા કે નિષ્ફળતા આપવી એ ભાગ્યાધિન છે. આમ જીવનમાં ભાગ્યની પ્રબળતાનો સ્વીકાર કરો.

## પાદટીપ

ધી ખેરાલુ નાગરિક સહકારી બેન્ક લિમિટેડ આર્ટ્સ એન્ડ કોમર્સ, કૉલેજ ખેરાલુ અને સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'આધુનિક અને પ્રશિષ્ટ સાહિત્ય પર આદિકાવ્યનો પ્રભાવ' વિષય પર તા. ૨૮. મી ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ આયોજિત એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારમાં વાંચેલા શોધ લેખ.


૧. डॉ. सत्यव्रत शास्त्री: श्री रामकीर्तिमहाकाव्यम् । प्रणेता डॉ. सत्यव्रत शास्त्री । गुजराती अनुवादक: डॉ. मधुसूदन व्यास । प्रकाशक: श्रीमति ईला एम. व्यास, मोडासा, गुजरात, संस्करण प्रथम २०१९, २५:१०, पृ. ९४

૨. मनु:स्मृति । पण्डित रामेश्वर भट्ट । चौखम्बा संस्कृत प्रतिष्ठान: दिल्ली । २०१५, ९४.२, पृ. २८

૩. માઘઃ શિશુપાલવધ - પ્રા. નીતીન રતિલાલ દેસાઈ. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૦૧, ૫૦.૭, પૃ. ૧૧૫

४. वही श्री रामकीर्तिमहाकाव्यम्। १९.११, पृ. १०३
૫. કાલિદાસઃ કુમારસંભવ. ડૉ. ગૌતમ પટેલ, પ્રકાશક : નીલમ પટેલ, અમદાવાદ. ૨૦૧૪, ૬૩.૩, પૃ. ૭૭
૬. ભર્તૃહરી નીતિશતક, ડૉ. સુરેશ જ. દવે, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ. શ્લોક ૩૫, પૃ. ૫૭
७. वही श्री रामकीर्तिमहाकाव्यम्। २०.२२, पृ. २२०
८. विष्णुशर्माः पंचतंत्रम्। संजय सचदेवा। संस्कृत ग्रन्थागारः दिल्ली। २००९, काकोलूकीयम् श्लोक ५९, पृ. २९९
૯. તૈતિરીય ઉપનિષદ્, ૧૦૮ ઉપનિષદ. સરળ ગુજરાતી ભાવાર્થ સહિત, જ્ઞાનખંડ, પં. શ્રી રામશર્મા આચાર્ય, યુગનિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા, (ઉ. પ્ર.), ૨૦૦૯, શિક્ષાવલિ અનુવાક - ૧૧, પૃ. ૨૧૬
१०. वही श्री रामकीर्तिमहाकाव्यम्। ३२.१२, पृ. ११३
११. रामचंद्रसूरिः रघुविलास। (नाट्यसाहित्यमाला भाग-३) सं. श्रीमद्विजययोग तिलकसूरीश्वरः, अनु. डॉ. महेन्द्र दवे। प्रकाशकः वीरशासनम्। वि. स. २०६५, ४.७६, पृ. ३६
૧૨. એજન કુમારસંભવ, ૬.૧૨, પૃ. ૧૧૫
१३. वही श्री रामकीर्तिमहाकाव्यम्। ४७.१४, पृ. १५५
૧૪. ઋગ્વેદ સંહિતા (સરળ ગુજરાતી ભાવાર્થસહિત, ભાગ-૩), પં. શ્રી રામ શર્મા આચાર્ય, બ્રહ્મવર્ચસ્, શાંતિકુંજ, હરિદ્વાર (ઉ.પ્ર.) ૨૦૫૨, ૮.૨.૧૮, પૃ. ૮
१५. वही पंचतंत्रम्। मित्र सम्प्राप्ति, श्लोक - १३५, पृ. २५६
१६. वही श्री रामकीर्तिमहाकाव्यम्। ६१.६७, पृ. २०४
૧૭. એજન નીતિશતક, શ્લોક-૫૮, પૃ. ૬૩
૧૮. શ્રીહર્ષ રત્નાવલી, સં. પ્રો. નરોત્તમ પી. શાસ્ત્રી, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૯, અંક-૧, પૃ. ૭૦
१९. वही श्री रामकीर्तिमहाकाव्यम्। २०.२०, पृ. २३५
२०. वही श्री रामकीर्तिमहाकाव्यम्। ४.२१, पृ. २५२
२१. भासः स्वप्नवासवदत्तम्। भासनाटकचक्रम्। आचार्य श्रीशेषराज शर्मा रेग्मीः। चौखम्बा सुरभारती प्रकाशनः वाराणसी। २०१७, ४.१, पृ. ११

# સંસ્કૃત સાહિત્ય અંતર્ગત પાંચ નાટકોમાં રાષ્ટ્રભાવના

– ડૉ. વસંતબેન રમેશભાઈ જેઠવા, *નવજીવન આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, દાહોદ*

**अपि स्वर्णमयी लङ्का न मे लक्ष्मण रोचते ।**
**जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥** रामायणे युद्धकाण्डः ।

અર્થાત્ 'લક્ષ્મણ (જો) લંકા સોનાની બનેલી હોય તો પણ તેમાં મારી રુચિ નથી. (કેમકે) જનની અને જન્મભૂમી સ્વર્ગ કરતાં ચઢિયાતી છે.'

સંસ્કૃત અને સંસ્કૃતિ સમાજના અભિન્ન અંગોની જેમ જોડાયેલ છે. તૈતરીય ઉપનિષદ્‌માં (૧.૧૧ વલ્લી - અનુવાક) કહેવાયું છે કે मातृदेवो भव । पितृदेवो भव । आचार्यदेवो भव । જેમાં માતા, પિતા, આચાર્યને દેવ માનવાની સંસ્કૃતિ નિરૂપાઈ છે. રામાયણના કથાકાર મોરારીબાપુ દ્વારા राष्ट्रदेवो भव । કહીને રાષ્ટ્રને પણ દેવતુલ્ય સ્થાન અપાયું છે. માતા આપણને જન્મ આપે છે. પરંતુ આપણને પાંગરવા માટે યોગ્ય વાતાવરણ, ખીલવાની મોકળાશ, વિચારોનો વૈભવ, વિકાસની તક, પ્રકૃતિ સાથેનો સહવાસ તથા પ્રગતિ માટેના સંશોધનો માતૃભૂમિ આપે છે. જીવન જીવવા માટેની જરૂરી હવા, પાણી અને ખોરાક એ માતૃભૂમિની જ દેન છે. પાયારૂપ પાંચ મહાભૂતો (આકાશ સિવાય) જેમ રાષ્ટ્રભૂમિ કે માતૃભૂમિ-માંથી પ્રાપ્ત થાય છે. તે જ રીતે કર્તવ્ય, ત્યાગ, પરોપકારની ભાવના પણ માતૃભૂમિની માટીના કણ કણનું ઋણ આપણા પર છે. માતા-પિતાના ઋણમાંથી જેમ ક્યારેય મુક્ત થઇ શકાતુ નથી. પરંતુ જન્મોજન્મના સંસ્કારથી આ ભાવના પ્રકટે છે. રાષ્ટ્ર એટલે વિશેષપણે અમેપણાની ભાવના. માતૃભૂમિ પ્રત્યેનો જે લગાવ હોય તેવો લગાવ દેશ માટે ઉત્પન્ન થાય ત્યારે રાષ્ટ્ર શબ્દ પ્રયોજાય છે. સંસ્કૃત સાહિત્ય એ સંસ્કાર સંસ્કૃતિને રજૂ કરનાર સાહિત્ય છે. જેમા રાષ્ટ્રભાવના ભારોભાર વર્ણવાયેલ છે. સંસ્કૃત નાટકોમાં (अवस्थानुकृति नाट्यम् – અવસ્થાના અનુકરણને નાટક કહેવાય છે.) પણ કવિઓએ રાષ્ટ્રભાવનાને અચૂક સ્થાન આપ્યું છે.

**( १ ) उत्तररामचरितम् :**

ભવભૂતિકૃત ઉત્તરરામચરિત એ કરુણ રસની ચરમસીમારૂપ સપ્તઅંકી નાટક છે. જેમાં નાયક રામ (પ્રથમ અંક - શ્લોક ૧૨) માં રાષ્ટ્રભાવના અને પ્રજાકલ્યાણની વાત વ્યક્ત કરતાં અષ્ટાવક્રને કહે છે કે –

**स्नेहं दयां च सौख्यं च यदि वा जानकीमपि ।**
**आराधनाय लोकस्य मुञ्चतो नास्ति मे व्यथा ॥** उत्तररामचरितम् – १.१२

અર્થાત્ સ્નેહ, દયા, મિત્રતા અને જો જાનકીનો પણ લોકહિત હેતુ ત્યાગ કરવો પડે તો પણ મને દુઃખ થશે નહિ. ભારતદેશ પ્રજાસત્તાક છે અને દરેક ભારતવાસીની ગુપ્ત ઇચ્છા 'રામરાજય' સ્થપાય તેવી રહે છે. રામના શાસનમાં રાષ્ટ્ર માટેની પ્રબળ ભાવના જ વ્યક્ત થયેલ છે. પ્રજા જ જેના માટે સર્વસ્વ છે તે રાજા રાષ્ટ્રભક્તિ દર્શાવનારો, વફાદાર અને નીતિયુક્ત રાજ્યની ધુરા સંભાળે છે. પ્રજાનું હિત કરનાર રાજા રામ અત્યારે પણ રાષ્ટ્રભક્તિમાટે લોકહ્રદયમાં સ્થાન પામેલ છે. આ ઉપરાંત ભાસના કર્ણભારમ્‌માં પણ યોદ્ધાની રાષ્ટ્રભક્તિ વર્ણવાય છે.

**( २ ) कर्णभारम् :**

ભાસકૃત કર્ણભારમ્ એકાંકીમાં રાષ્ટ્ર માટે બલિદાન આપતાં યોદ્ધા એવા કર્ણના મુખે યુદ્ધમાં નિષ્ફળતા નથી - એ બાબત તરફ અંગુલીનિર્દેશ થયો છે. —

**हतोऽपि लभते स्वर्गं जित्वा तु लभते यशः ।**
**उभे बहुमते लोके नास्ति निष्फलता रणे ॥** कर्णभारम्, श्लोक - १२

અર્થાત્ '(યોદ્ધા) હણાઈ જાય તો પણ સ્વર્ગ પામે છે. અને જીતીને કીર્તિ મેળવે છે. આ લોકમાં બંનેનું બહુમાન છે. યુદ્ધમાં નિષ્ફળતા હોતી નથી.' સ્વ રાષ્ટ્ર કે માતૃભૂમિના રક્ષણ કાજે યુદ્ધમાં બલિદાન આપનાર યોદ્ધો સ્વર્ગની પ્રાપ્તિ કરે છે અને યુદ્ધ જીતીને જગતમાં યશ મેળવે છે. આમ, કર્ણના પાત્રમાં નિષ્ઠા, બલિદાનની ભાવના, પરાક્રમ, રાષ્ટ્રભક્તિ વગેરે જેવા ગુણો આલેખાયા છે. રાષ્ટ્ર માટે બલિદાન આપનાર યોદ્ધા સ્વર્ગની પ્રાપ્તિ કરે છે. વીરતારૂપી બલિદાનની વાત મૂકીને રાષ્ટ્ર ઋણમાંથી મુક્ત થવાના ઉપાય તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. આમ, કર્ણના પાત્રમાં ભારોભાર રાષ્ટ્ર ભક્તિ સૂચવાઈ છે. ભાસે પોતાના દૂતવાક્યમ્ નાટકમાં પણ રાષ્ટ્રને બચાવવાનો ઉપાય દર્શાવ્યો છે.

**( ३ ) दूतवाक्यम् :**

મહાકવિ ભાસ વિરચિત દૂતવાક્યમ્ એકાંકી નાટકમાં દુર્યોધનની યુદ્ધ આસક્તિ અને કૃષ્ણ દ્વારા યુદ્ધ રોકવા થતાં પ્રયાસોનું સુન્દર વર્ણન કરાયું છે. પાંડવો તરફથી યુદ્ધ રોકવાના પ્રયાસરૂપ દૂત બનેલ શ્રીકૃષ્ણ દુર્યોધનને કહે છે કે —

**एवं परस्परविरोधविवर्धनेन**
**शीघ्रं भवेत् कुरुकुलं नृप ! नामशेषम् ।**
**तत् कर्तुमर्हति भवानेपकृष्य रोषं**
**यत् त्वां युधिष्ठिरमुखाः प्रणयाद् ब्रुवन्ति ॥** दूतवाक्यम् - २३

અર્થાત્ 'હે રાજન્ ! આ રીતે પરસ્પરનો વિરોધ વધાર્યા કરવાથી તો, આ કુરુકુલ બહુ ઝડપથી નામશેષ થઇ જશે. માટે, આપે (દુર્યોધનને) રોષને ત્યજી દઈને વડીલ યુધિષ્ઠિર સહિતના તેવો જે કંઈ પ્રેમથી કહે છે, તે તમારે કરવું જોઇએ.'

આમ, દૂત તરીકે શ્રીકૃષ્ણ દુર્યોધનને યુદ્ધ રોકવા માટે સલાહ આપે છે. જેમાં પાંડવો તથા શ્રીકૃષ્ણની રાષ્ટ્રભાવના વ્યક્ત થઇ છે. દેશમાં કે રાજયમાં વસતાં માણસોની હાનિ (મૃત્યુ)ને રોકવા કૃષ્ણ દ્વારા થતાં પ્રયાસો રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિભાવના વ્યક્ત કરે છે. યુદ્ધની ભયંકરતા તથા પરિણામ વિષે વાત રજૂ કરી કૃષ્ણ કુરુવંશને બચાવવા માટે પાંડવોને અડધું રાજ્ય આપી દેવા સમજાવે છે.

આમ, કૃષ્ણની દુર્યોધનને સમજાવટમાં રાજ્યને તથા રાજયમાં વસતા લોકોને બચાવવા કરાતા પ્રયાસોમાં રાષ્ટ્રભાવના દશ્યમાન થાય છે. રાષ્ટ્રભક્તિમાં આસ્થા રાખનાર ભાસે પોતાના સ્વપ્નવાસવદત્તમ્ નાટકમાં રાજ્યને બચાવવા હેતુ ત્યાગની વાત રજૂ કરી છે.

**( ४ ) स्वप्नवासवदत्तम् :**

મહાકવિ ભાસ વિરચિત स्वप्नवासवदत्तम् માં યૌગન્ધરાયણ, રૂમણ્વાન જેવા મંત્રીઓ અને રાણી વાસવદત્તા થકી રાજ્યને પુનઃ પ્રાપ્ત કરવા માટે એક યોજના ઘડાય છે. જેમાં ઉદયનને અનહદ સ્નેહ કરતી વાસવદત્તા રાષ્ટ્રને પુનઃ મેળવવા રાજાથી દૂર થઈ જાય છે. પદ્માવતી સાથે રાજા ઉદયનના લગ્નની પીડાને મુંગા મોંએ સહી લે છે. અંતે છઠ્ઠા અંકમાં રાજા ઉદયનને રાજ્યની પુનઃ પ્રાપ્તિ થતાં વાસવદત્તા અને યૌગન્ધરાયણ રાજા સમક્ષ રજૂ થાય છે. માફી માંગતા યૌગન્ધરાયણને રાજા ઉદયન કહે છે કે –

**मिथ्योन्मादैश्च यद्धैश्च शास्त्रदृष्टैश्च मन्त्रितैः ।**

**भवधलैः खलु वयं मज्ञामानाः समुद्धृताः ॥** स्वप्नवासवदत्तम् – ६.१८

અર્થાત્ 'મિથ્યા ઉન્માદથી, યુદ્ધથી અને શાસ્ત્રમાં બતાવેલી રીતે કરેલી મંત્રણાઓથી એવા તમારા (અનેકવિધ) પ્રયત્નોથી મુશ્કેલીઓમાં ડૂબી જતા અમારો ઉદ્ધાર થયો છે.

તાત્પર્ય એ છે કે રાજા ઉદયનની સમસ્ત મુશ્કેલીઓમાં રાષ્ટ્રભક્તિ દર્શાવનાર તેના મંત્રી યૌગન્ધરાયણ અગ્રેસર છે. રાજા દ્વારા ઉદયનને પૂછવામાં આવે છે કે – राजा – वयस्य यौगन्धरायण, देव्यपनये का कृता ते बुद्धिः । મતલબ કે, રાજા - મિત્ર યૌગન્ધરાયણ! રાણીને છુપાવવામાં તારી શી યોજના હતી.

यौगन्धरायणः – कौशाम्बीमात्रं परिपालयामीति ।

યૌગન્ધરાયણ : - માત્ર એ જ કે કૌશામ્બીનું રક્ષણ કરું.

ઉદયન રાજા અને મંત્રી યૌગન્ધરાયણના સંવાદો પરથી ખ્યાલ આવે છે કે યૌગન્ધરાયણનું લક્ષ્ય કૌશામ્બી નગરીનું રક્ષણ કરવાનું હતું. તેથી કહી શકાય ખે યૌગન્ધરાયણ, વાસવદત્તા અને રુમણ્વાનના પાત્રમાં રાષ્ટ્રભક્તિ રગેરગમાં વહી રહી છે. તેથી જ ત્યાગ, બલિદાન (પ્રેમનું), રાષ્ટ્રભક્તિ આ પાત્રોમાં દશ્યમાન થાય છે. આ ઉપરાંત વિશાખદત્ત વિરચિત मुद्राराक्षसम् નાટકમાં પણ ચાણક્ય, રાક્ષસના પાત્રમાં રાષ્ટ્રભક્તિના દર્શન થાય છે.

**( ५ ) मुद्राराक्षसम् :**

વિશાખદત્તકૃત મુદ્રારાક્ષસ એ રાજનીતિના કાવાદાવાથી સભર નાટક છે. રાજા પર્વતેશ્વરના વફાદાર અમાત્ય રાક્ષસને ચંદ્રગુપ્તનો મંત્રી બને એ હેતુથી કૂટનીતિયુક્ત યોજનાઓ ઘડાય છે. અહીં શસ્ત્રયુદ્ધ નથી પણ કાવાદાવારૂપી યુદ્ધ ખેલાય છે. ચંદ્રગુપ્તમૌર્યના પ્રખર પ્રતિભાવાન મંત્રી ચાણક્ય દ્વારા કાવાદાવારૂપી યુદ્ધ ખેલાય છે. ચંદ્રગુપ્તમૌર્યના પ્રખર પ્રતિભાવાન મંત્રી ચાણક્ય દ્વારા કાવાદાવારૂપી શતરંજમાં પાસાં ફેંકાય છે. જેમાં ચાણક્ય પોતે અમાત્ય હોવા છતાં અપરિગ્રહી જીવન વ્યતીત કરે છે. તે પોતાની બુદ્ધિને 'સો સેનાઓથી અધિક' કહે છે. એની પાસે બુદ્ધિનો વૈભવ છે, ભૌતિક વૈભવની તેને જરૂર નથી. તે નિઃસ્વાર્થભાવે જ એક રાજાને ઉત્તમ અમાત્યની પ્રાપ્તિ હેતુ જ ઉત્તમ કાવાદાવારૂપી માર્ગ અપનાવે છે. સમગ્ર પ્રજાને યુદ્ધના મુખમાં હોમી દઈને નરસંહાર નોતરવો એના કરતાં છળકપટના માર્ગે વિરોધીને મહાત કરી લેવો એ વધારે યોગ્ય છે. એ રીતે

તેનામાં પ્રજાકલ્યાણ તથા રાષ્ટ્રભાવના જ રહેલી છે. તેનું લક્ષ્ય માત્ર એટલું જ છે કે ચંદ્રગુપ્ત ઉત્તમ રાજા છે. તો તેનો મંત્રી પણ ઉત્તમ હોવા જોઈએ. મિત્ર ચંદનદાસને બચાવવા ઇચ્છતા રાક્ષસની મનોદશાનું સુંદર ચિત્ર કવિએ રજૂ કર્યું છે. પોતાની સ્વામી પર્વતેશ્વર (નન્દવંશ) પ્રત્યેનો સેવકભાવ તથા રાષ્ટ્રભક્તિ રાક્ષસની ઉક્તિમાં રજૂ થયા છે.

**नन्दस्नेहगुणाः स्पृशन्ति हृदयं भृत्योऽस्मि तद्विद्विषां**
**ये सिक्ता स्वयमेव वृद्धिमंश्चिहन्नास्त एव द्रुमाः ।**
**शस्त्रं मित्रशरीररक्षणकृते व्यापारणीयं मया कार्याणां**
**य गतयो विधेरपि न यान्त्याज्ञाकरत्वं चिरात् ॥** मुद्राराक्षसम् – ७.१६

અર્થાત્ 'નંદના સ્નેહના ગુણો હૃદયને સ્પર્શે છે અને હું તેનો વિદ્વેષ કરનારાઓનો સેવક બનું છું. જે વૃક્ષોને મેં જાતે જ સિંચેલા અને જે મોટા થયેલા તે વૃક્ષો જ કપાઈ ગયેલા છે. મિત્રના રક્ષણ માટે મારે શસ્ત્ર ગ્રહણ કરવું પડે છે. કાર્યોની ગતિઓ લાંબા વખતે વિધિની પણ આશા માનતી નથી.' તાત્પર્યાર્થ એ છે કે શત્રુપક્ષના અમાત્ય બનાવામાં તેને રાષ્ટ્રદ્રોહની વ્યથા અનુભવાઈ રહી છે. પરંતુ મિત્રને બચાવવા તેને શત્રુ રાજાનું અમાત્ય પદ સ્વીકારવું પડે છે. નિઃસ્વાર્થી ચાણક્ય પોતાનું અમાત્ય પદ ત્યજી રાક્ષસને આ પદ પ્રદાન કરે છે.

चाणक्य – अथवा अमात्यरक्षसे नेतरि किं अस्माकं प्रयोजनमिदानम् ।

ચાણક્ય - અથવા અમાત્ય રાક્ષસ નેતા હોય ત્યારે હવે અમારું શું પ્રયોજન ?

ચાણક્ય કહે છે કે હવે તો લક્ષ્ય સિદ્ધ તઈ ગયું એટલે એક જ કાર્ય કરવાનું શેષ છે.

**विना वाहनहस्तिभ्यो मुच्यतां सर्वबन्धनम् ।**
**पूर्णप्रतिज्ञेन मया केवलं बध्यते शिखा ॥** तत्रैव – ७.१७

અર્થાત્ 'ઘોડા અને હાથી સિવાય બધાનું બંધન છોડી દો. જેની પ્રતિજ્ઞા પૂર્ણ તઈ છે તેવો હું માત્ર શીખ બાંધુ છું.'

ચાણક્ય પોતે મંત્રીપદનો ત્યાગ કરીને રાષ્ટ્રભક્તિ, સ્વામી ભક્તિ દર્શાવે છે. સાત અંકના આ નાટકમાં ચાણક્ય નિઃસ્વાર્થભાવે, પોતાની સ્વામી (ચંદ્રગુપ્ત) માટે જ કાવાદાવા ખેલે છે. તેનું મુખ્ય ધ્યેય રાક્ષસ જેવા નિષ્ઠાવાન (વફાદાર) વ્યક્તિને મંત્રી બનાવવાનું જ છે. અહીં રાક્ષસના, ચાણક્યના પાત્રમાં નિઃસ્વાર્થભાવના, રાષ્ટ્રભક્તિ, વફાદારીના ગુણો છલોછલ ભરેલા છે તેમ કહી શકાય.

**ઉપસંહાર –**

સંસ્કૃત નાટકોમાં ભવભૂતિ, ભાસ અને વિશાખદત્તકૃત પાંચ નાટકોમાં રાષ્ટ્રભક્તિ કે રાષ્ટ્રભાવના ઉત્તમ રીતે વ્યક્ત કરી છે. નાટક રામ, નાયક કર્ણ, દૂત કૃષ્ણ, નાયક ઉદયનની ઉક્તિ દ્વારા રાષ્ટ્રભાવના સ્પષ્ટ રીતે રજૂ થઈ છે. અમાત્ય ચાણક્ય અને અમાત્ય રાક્ષસ દ્વારા પણ પોતપોતાના રાજ્યને બચાવવાના પ્રયાસરૂપ કાવાદાવારૂપી યુદ્ધ ખેલાય છે. જેમાં બંનેની રાષ્ટ્રભક્તિ સુચારુરૂપે રજૂ થઇ છે.

## સંદર્ભ ગ્રંથો

१. वाल्मीकिकृत रामायणम् — મદ્રાસ હિન્દી પબ્લિસિટી પ્રેસ સંસ્કરણ - ૧૯૩૦
२. ईशादि नौ उपनिषद् — टीकाकार–हरिकृष्णदास गोयन्दका, प्रकाशक–गीताप्रेस, गोरखपुर–२७३००५, संस्करण–अठारहवां संस्करण
૩. भवभूतिविरचितम् उत्तररामचरितम् — સમ્પાદક-પ્રા. પી. સી. દવે, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧, સંસ્કર-દ્વિતીય આવૃત્તિ-૧૯૮૯
४. महाकविभासविरचितम् कर्णभारम् — સમ્પાદક-પ્રા. સુરેશ જ. દવે, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧, પ્રથમ આવૃત્તિ-૨૦૧૬-૧૭
५. महाकविभासविरचितम् दूतवाक्यम् — સમ્પાદક-વસન્તકુમાર મ. ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧, અદ્યતન આવૃત્તિ-૨૦૧૬-૧૭
६. महाकविभासविरचितम् स्वप्नवासवदत्तम् — સમ્પાદક-ડૉ.શાંતિકુમાર એમ. પંડ્યા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ આઠમીઆવૃત્તિ-૨૦૦૮
૭. महाकविविशाखदत्तविरचितम् मुद्राराक्षसम् — ડૉ. વિજય પંડ્યા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

# ઋગ્વેદ અંતર્ગત ભૂગર્ભવિજ્ઞાન અને જળવિજ્ઞાન

– ડૉ. ગીતાબેન ભૂત, *કવિ શ્રી દાદ ગવર્ન. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, પડધરી, રાજકોટ, મો. ૯૮૭૯૩૧૧૩૦૧*

**મુખ્ય બિંદુઓ :**

ભારતીય સંસ્કૃતિમાં વેદનું સ્થાન - વેદ અંતર્ગત વિવિધ વિધાઓ - ઋગ્વેદ અંતર્ગત ભૂગર્ભ વિજ્ઞાન - ઋગ્વેદ અંતર્ગત જળવિજ્ઞાન

ભારતીય સંસ્કૃતિમાં વેદ એ સંસ્કૃત સાહિત્યના આધારસ્તંભ છે, તેનું મહત્ત્વ અને સ્થાન એટલું છે કે, જો આપણે તેને શબ્દોથી વખાણવાનો પ્રયત્ન કરીએ તો શબ્દો ઓછા પડી જાય છે, જેમ બ્રહ્માંડના તત્ત્વોને જાણવા માટે જોવા માટે દ્રષ્ટિ જરૂરી છે. તે જ રીતે અલૌકિક તત્ત્વનું રહસ્ય જાણવા માટે વેદોની માત્ર જરૂરિયાત જ નથી, અનિવાર્યતા છે.

કૌટિલ્ય અર્થશાસ્ત્ર, ધર્મસૂત્ર વગેરેમાં જે વિચાર જોવા મળે છે તે ભૂતકાળની કેટલીયે સદીઓથી ચાલી આવતી ચિંતનની પરંપરાનું પરિણઆમ છે, એમ ચોક્કસ કહી શકાય. વેદ ઘણા શાસ્ત્રીય વિચારોનું મૂળ અને ભારતીય સંસ્કૃતિનો આધાર છે.

ચાર વેદોમાં, ઋગ્વેદ વૈવિધ્યતાયુક્ત ચિંતનના વિષય પર સૌથી અગ્રેસર છે. ઋગ્વેદ સાહિત્યરૂપી શરીરનું મસ્તક છે. આ ઋગ્વેદમાં ઘણી જુદી જુદી વિદ્યાનું ચિંતન કરવામાં આવ્યું છે જેમ કે -

– કલાત્મક વિદ્યા
– આધ્યાત્મિક વિદ્યા
– સામાજિક વિદ્યા
– ભૌતિક વિદ્યા

આ તમામ વિદ્યાઓમાં ભૂગર્ભવિજ્ઞાન અને જળવિજ્ઞાનનો સમાવેશ ભૌતિકવિદ્યા અંતર્ગત કરવામાં આવ્યો છે. ભૌતિકવિદ્યામાં ભૂગર્ભવિજ્ઞાન અને જળવિજ્ઞાન ઉપરાંત તબીબીવિજ્ઞાન, સૃષ્ટિવિજ્ઞાન અને અવકાશવિજ્ઞાનનો પણ સમાવેશ થાય છે. ભૌતિક સ્થિતિનું જે વર્ણન ઋગ્વેદમાં જોવા મળે છે, તેવા પ્રયોગો, સંશોધનો સાંપ્રતકાળમાં પણ થઈ રહ્યા છે. આના પરથી કહી શકાય કે ભૌતિકવિદ્યાનો હાલના સંશોધનો સાથે અનુબંધ છે. આ તમામ વિદ્યાઓમાં ઋગ્વેદમાં જે વિચારો પ્રસ્તુત છે તે વિચારોને ઉજાગર કરવાનો અહીં પ્રયાસ કરવામાં આવ્યો છે.

ભૂગર્ભવિજ્ઞાન :

ભૂગર્ભવિજ્ઞાન એટલે Geology એટલે કે પૃથ્વીનો વિચાર. પૃથ્વીની ઉત્પત્તિ અથવા તેની રચના સંબંધિત બાબતોને ભૂગર્ભવિજ્ઞાન અંતર્ગત સમાવિષ્ટ કરવામાં આવી છે. પૃથ્વીની રચના ક્યારે થઈ ? એ કેવી રીતે થયું ? શેમાંથી થયું ? આ બધા પ્રશ્નો માટે સંશોધન કરવાનું કામ ભૂગર્ભવિજ્ઞાનનું છે. પ્રખ્યાત ભૂસ્તરશાસ્ત્રી ચાર્લ્સ લાયેલના મતે -

of what materials is the Earth composed, and in what manner are these materials arranged ? these are first inquires with which geology is occupied.

ઉપરિનિર્દિષ્ટ વિધાનનો અર્થ થાય છે કે કયા કયા પદાર્થોમાંથી પૃથ્વી બની છે. અથવા પૃથ્વી કઈ સામગ્રીમાંથી બનેલી છે અને આ સામગ્રીઓ કઈ રીતે ગોઠવાઈ છે ? આ પ્રથમ પ્રશ્ન છે. ભૂગર્ભવિજ્ઞાન આ પ્રકારના સંશોધનો કરવામાં વ્યસ્ત છે.

ભૂગર્ભવિજ્ઞાન એ વિજ્ઞાનની એક એવી શાખા છે કે તેમાં તાજેતરના સમયગાળામાં બ્રહ્માંડમાં જોવા મળેલા કાર્બનિક અને અકાર્બનિક તત્ત્વોમાં થયેલા ક્રમશઃ ફેરફારો પર સંશોધન કરવામાં આવે છે. પૃથ્વીના આંતરિક ભાગમાં જોવા મળતા ફેરફારોના કારણ અને પરિણામ અંગે સંશોધન કરવામાં આવે છે. પૃથ્વીની ઉત્પત્તિ આ પ્રકારના પરિવર્તનનું પરિણઆમ છે.

જીવન ઈતિહાસનું અનુસંધાન પણ ભૂગર્ભવિજ્ઞાન અંતર્ગત આવે છે. ભૂગર્ભવિજ્ઞાન એક વાત સાબિત કરે છે કે પૃથ્વીની બાહ્ય રચના વર્તમાન સમયગાળામાં એટલે કે પૃત્વીની ઉત્પત્તિ સમયે જે સ્વરૂપમાં જોવા મળે છે તે સ્વરૂપમાં ન હતી. પૃથ્વીના બાહ્ય સ્વરૂપમાં જે આપણે વર્તમાન સમયે જોઈ રહ્યા છીએ, તેમાં સમયાંતરે ફેરફારો થયા છે અને હજુ પણ થઈ રહ્યા છે.

પૃથ્વીની રચનાના પ્રારંભિક તબક્કાનું વર્ણન ઋગ્વેદમાં ઘણી જગ્યાએ છે, આ વર્ણનોમાં એવા કેટલાક વર્ણનો પણ છે જે વર્તમાન સમયે પુરાવા સાથે સાબિત થયા છે. તેથી જ આપણે એમ પણ કહી શકીએ કે ઉક્ત મૂળ સિદ્ધાંત છે, તે ભૂગર્ભવિજ્ઞાનનો આધાર છે. ઋગ્વેદ દશમ મંડલ અનુસાર -

**येन द्यौरुग्रा पृथिवी च दृढा येन स्वस्तभितं येन नाकः ।**

**यो अन्तरिक्षे रजसो विमानः कस्मै देवाय हविषा विधेम ॥** - ऋग्वेद, १०.१२१.५

એટલે કે જેણે આ ઊંચા અંતરિક્ષ અને પૃથ્વીને પોતપોતાના નિર્ધારિત સ્થાન પર કુશળતાપૂર્વક સ્થાપિત કર્યા છે, જેણે સ્વર્ગલોગને સ્થિર કર્યું છે અને સૂર્યને અંતરિક્ષમાં કેન્દ્રિત કર્યો છે, જે અંતરિક્ષમાં તેજસ્વિતા અથવા રજની જેમ અનંત પિંડના રચયિતા છે, તે અદ્વિતીય પરમાત્માની અમે ઉપાસના કરીએ છીએ.

ઉપર્યુક્ત અર્થઘટનમાં દઢ કરવાનો અર્થ છે સ્પષ્ટ સ્વરૂપ આપવું, તેને ચોક્કસ સ્વરૂપમાં રૂપાંતરિત કરવું. તે જાણીતું છે કે શરૂઆતમાં, પૃથ્વી, જે સૂર્યથી અલગ થઈ હતી, તે સળગતી હવાનો ગોળો હતો, લાવાનો ગોળો હતો. તે ઘનિષ્ઠ ન હતી, પરંતુ પ્રવાહી હતી, એટલે કે, તે વહેતા સ્વરૂપમાં હતી. સમય જતાં, પૃથ્વીની ગરમી, ગરમીના વાદળો, વાદળોનું ઘનીકરણ અને પછી વરસાદ અને ફરીથી એ જ પ્રક્રિયા ઘણા વર્ષો સુધી ચાલુ રહી અને પૃથ્વીનું બાહ્ય આવરણ ઠંડુ પડી ગયું અને ગાઢ આકાર લેવાનું શરૂ કર્યું. આ બધી બાબતો વર્તમાન સમયમાં વૈજ્ઞાનિક આધારો સાથે પુરાવાઓ દ્વારા સાબિત થઈ છે, ઉપર્યુક્ત મંત્રમાં પણ આ જ વાતનો ઉલ્લેખ છે. પૃથ્વી તેની પ્રવાહી અવસ્થામાં ધ્રુજી રહી હતી, ભગવાને તેને દઢ કરી અને સ્થિર કરી.

ઋગ્વેદના બીજામંડલ અનુસાર -

**यः पृथिवीं व्यथमानामदृह्यः प्रवर्तान्प्रकुपितां अरम्णात् ।** - ऋग्वेद, २.१२.२

જ્યારે પૃથ્વી વહેતી કે વરાળ સ્વરૂપમાં હોવાને કારણે ધ્રુજતી હતી, તેને ઘનિષ્ટ બનાવી હતી. પરમાત્માએ તેને સ્થિર બનાવી. તે પરમાત્માએ અસ્થિર પર્વતોને સ્થિર કર્યા. તેની શક્તિથી વાદળને વિખેરી નાખ્યું અને પાણીને વહેતું કર્યું. આ રીતે પૃથ્વીની પ્રવાહી અથવા વહેતી અવસ્થા દઢ અવસ્થામાં પરિવર્તિત થઈ.

ઋગ્વેદના ઉપર્યુક્ત વિધાનોમાં જે વિચારો કે સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા છે તે તૈત્તિરીય બ્રાહ્મણમાં વિગતવાર રજૂ કરવામાં આવ્યા છે. તેમાં પણ પૃથ્વી શરૂઆતમાં પ્રવાહી અવસ્થઆમાં હતી અને બાદમાં અગ્નિના રૂપમાં, અગ્નિનું સ્વરૂપ મેળવ્યું. અને પછી વરસાદને કારણે તે સંકુચિત થઈને પૃથ્વીના સ્વરૂપમાં પરિવર્તિત થઈ. (તૈત્તિરીય બ્રાહ્મણ - ૨.૨.૨.૧-૪)

વેદના વર્ણન અનુસાર, તૈત્તિરીય બ્રાહ્મણનું વર્ણન તેના સંબંધિત અને સમાન વર્ણન જેવું જ વર્ણન તૈત્તિરીય ઉપનિષદમાં છે. આ ઉપનિષદમાં પણ વેદના ઉપર્યુક્ત વિચારનું પ્રતિબિંબ દેખાય છે. જેમ કે -

**तस्माद्वा एतस्मादात्मनः आकाशः संभूतः । आकाशाद् वायुः । वयोरग्निः । अग्नेरापः । अद्भ्यः पृथिवीः । पृथिव्या ओषधयः । ओषधीभ्योन्नम् अन्नात्पुरुषः ॥** तैत्तिरीयोपनिषद् – २.१

ઉપનિષદ્‌ના ઉપર્યુક્ત વાક્યનો ધ્વનિ એ છે કે સર્વવ્યાપી પરમ પરમાત્માએ અનંત આકાશની રચના કરી, આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી પાણી, પાણીમાંથી પૃથ્વી અને જ્યારે પૃથ્વીમાં ઠંડક થઈ, તેમાંથી ઔષધિઓ અથવા વનસ્પતિ ઉત્પન્ન થઈ. આ રીતે જીવનના વિવિધ સ્વરૂપો પ્રગટ થયા. શરૂઆતમાં, વનસ્પતિની ઉત્પત્તિ છોડ અથવા ઘાસના સ્વરૂપમાં થઈ અને પછીથી વિશાળ સ્વરૂપમાં અને અ;ાજ વગેરે ઉત્પન્ન થવા લાગ્યા અને અંતે, જ્યારે સર્જન પૂર્ણ થયું, ત્યારે માણસનો જન્મ થયો.

ઋગ્વેદ અનુસાર, માણસની ઉત્પત્તિમાં ઘણો સમય લાગ્યો હોવો જોઈએ, કારણ કે

**या ओषधीः पूर्वा जाता देवेभ्यस्त्रियुगं पुरा: ॥** ऋग्वेद – १०.९७.१

એટલે કે સૃષ્ટિના આરંભમાં જ ઔષધીય દેવતાઓએ વસંત, વર્ષા અને શરદ એમ ત્રણ ઋતુઓ;ી રચના કરી હતી.

પ્રસ્તુત મંત્રની અ;ુભૂતિ પરથી એવું માની શકાય છે કે મનુષ્યની ઉત્પત્તિ પહેલા ઔષધીની ઉત્પત્તિ થઈ છે અને ઉપર્યુક્ત વર્ણન પ્રમાણેની ઋતુમાં ઔષધીઓ ઉત્પન્ન થઈ છે. ઉપર્યુક્ત વિધાનો સ્પષ્ટ કરે છે કે વનસ્પતિ, ખોરાક વગેરેની ઉત્પત્તિ પછી મનુષ્યની ઉત્પત્તિ થઈ છે.

આ રીતે ભૂગર્ભવિજ્ઞાન અંતર્ગત પૃથ્વીની ઉત્પત્તિ વિશે ઋગ્વેદના વર્ણનો વિશે જાણ્યા પછી જળવિજ્ઞાન વિશે -

**જળવિજ્ઞાન :**

પાણી એ પાંચ તત્ત્વોમાંનું એક છે. તેનું મહત્ત્વ પણ વધી રહ્યું છે, પરંતુ જળવિજ્ઞાનના નામની વિજ્ઞાનની કોઈ અલગ શાખા નથી. રસાયણશાસ્ત્રમાં જળવિજ્ઞાનનો અભ્યાસ સમાવિષ્ટ થાય છે. પાણી અથવા હાઈડ્રોજન મોનોક્સાઇડ શબ્દ રસાયણશાસ્ત્રમાં પ્રચલિત છે.

ઈ.સ. ૧૭૮૧ પહેલાં, પાણીને તત્ત્વ તરીકે સ્વીકારવામાં આવતું હતું, પરંતુ ઈ.સ. ૧૭૮૧ માં, વૈજ્ઞાનિક કેવેન્ડિશે તેમના રસાયણશાસ્ત્રના પુસ્તકમાં (પાના નં. ૩૬૭) લખ્યું હતું કે પાણી એ હાઈડ્રોજન અને ઓક્સિજનનું સંયોજન છે. જ્યારે ઓક્સિજન હવા હાઈડ્રોજન હવા સાથે ભળે છે ત્યારે પાણી ઉત્પન્ન થાય છે. વર્તમાન સમયના વૈજ્ઞાનિકો પણ પાણીને લઈને આવી માન્યતાઓ ધરાવે છે.

હાલમાં, આ વાત નિઃશંક સાબિત થઇ છે કે પાણી તેના પોતાના સ્વરૂપમાં એક તત્ત્વ નથી, પરંતુ એક મિશ્રણ સ્વરૂપમાં ઉત્પન્ન થનાર પદાર્થ છે. એ પણ સાબિત થયું છે કે પાણી એ બે હવાનું મિશ્રણ છે પરંતુ આ જ્ઞાન ઈ. સ. ૧૭૮૧ પહેલા ઉપલબ્ધ નહોતું, તે નિવેદન સંપૂણ રીતે સાચું નથી. એવી સંભાવના છે કે આ જ્ઞાન ભૂતકાળમાં અસ્તિત્વમાં હતું અને વચ્ચેના સમયમાં લુપ્ત ગયું અને ફરીથી કેવેંડિશ નામના વૈજ્ઞાનિકે તેના પર પ્રકાશ પાડ્યો હોય.

ઋગ્વેદમાં, પ્રસ્તુત વિષયની પુષ્ટિ કરવા માટે આવી બાબતો સ્પષ્ટપણે જોવા મળે છે. અહીં પાણીને હવાના મિશ્રણ તરીકે સ્પષ્ટપણે સ્વીકારવામાં આવ્યું છે, જેમ કે -

**मित्रं हुवे पूतदक्षं वरुणं च रिशदसं । धियं घृताची साधन्ता ॥** – ऋग्वेद, १.२.७

એટલે કે, હું બળવાન મિત્ર વાયુ અને રિશાદસ વરુણ વાયુનું આહ્વાન કરું છું, આ બંને પાણી ઉત્પન્ન કરવાનું કાર્ય સાબિત કરે છે.

ઉપર્યુક્ત વિધાનો પરથી સ્પષ્ટ થાય છે કે જળ, મિત્ર અને વરુણ નામના બે વાયુઓનું મિશ્રણ છે.

વરુણ શબ્દનો અર્થ એ છે કે જે વરણ કરવા લાય છે, બધા તેમના જીવન માટે પ્રાણવાયુનું વરણ કરે છે. મંત્ર અંતર્ગત જે 'રિશાદસ' શબ્દ છે તે ઓક્સિજન વાયુનો નિર્દેશ કરે છે. ઓક્સિજન વાયુનો ઉપયોગ બધા જ પ્રાણીઓના પ્રાણ માટે જરૂરી હોવાને તેનું બીજું નામ પ્રાણવાયુ છે.

મિત્ર વાયુ એટલે હાઈડ્રોજન વાયુ. મિત્ર શબ્દનો અર્થ છે સહાયક. હાઈડ્રોજન પાણીની ઉત્પત્તિ માટે ઓક્સિજનનો સહાયક છે. મંત્રમાં મિત્ર શદ માટે 'પુતદક્ષ' વિશેષણ લગાવવામાં આવ્યું છે. જેનો અર્થ એ છે કે શુદ્ધ અને ઉડનાર. હાઈડ્રોજન હવા બધા વાયુઓમાં સૌથી હલકી છે, તેથી આ હવાનો ઉપયોગ ઉપરની તરફ ઉડવા માટે થાય છે.

ઉપર્યુક્ત વર્ણનો પરથી સ્પષ્ટ થાય છે કે વરુણ અને મિત્ર વાયુ જળની ઉત્પત્તિ માટે ક્રમશઃ ઓક્સિજન અને હાઈડ્રોજન જ છે.

શતપથ બ્રાહ્મણ ૧.૮.૨.૧૨ માં પણ ''मित्रावरुणौ त्वा वृष्ट्यावताम्'' એટલે કે મિત્ર અને વરુણ તમારું રક્ષણ કરે એમ કહીને આ સિદ્ધાંતને સમર્થન આપ્યું છે.

આ રીતે હાલમાં પ્રાપ્ત જળવિજ્ઞાન અને ભૂગર્ભવિજ્ઞાનનો પાયો ઋગ્વેદ છે, એમ કહીએ તો તે અસત્ય નથી. કારણ કે વર્તમાન સમયમાં જે પણ સંશોધનો થાય છે, તેમાંથી ઘણઆના અંશો આપણને એક યા બીજા સ્વરૂપે વેદમાંથી મળે છે, જે મનુષ્ય માટે કલ્યાણકારી છે.

**સંદર્ભ**


૧. ઋગ્વેદ - ચૌખમ્બા વિદ્યાભવન વારાણસી

૨. તૈત્તિરીયબ્રાહ્મણ - ચૌખમ્બા વિદ્યાભવન વારાણસી

૩. તૈત્તિરીયબ્રાહ્મણ - ચૌખમ્બા વિદ્યાભવન વારાણસી

૪. તૈત્તિરીયબ્રાહ્મણ - ચૌખમ્બા વિદ્યાભવન વારાણસી

# 'શિશુપાલવધ' મહાકાવ્યના પ્રમુખ નાયક શ્રીકૃષ્ણનું ચરિત્ર ચિત્રણ

– સોનલબેન લક્ષ્મણજી ઠાકોર, *પીએચ. ડી. સ્કોલર, હેમ. ઉ. ગુ. યુનિ. પાટણ*

**પ્રસ્તાવના :**

એક સુપ્રસિદ્ધ શ્લોક છે.

**वसुदेवसुदं देवं कंसचाणूरमर्दनम् ।**
**देवकीपरमानन्दं कृष्णं वन्दे जगद्गुरुम् ॥१॥**

આ શ્લોકના સર્જકને આપણે જાણતા નથી પણ એક નાનકડા અનુષ્ટુપમાં એ જે કહી ગયા છે એ જાણવું કદાચ સમગ્ર જીવન ખરચી નાખીએ તો પણ શક્ય નથી. આ સમગ્ર શ્લોકનું વિવેચન ''कृष्णं वन्दे जगद्गुरुम्'' નામની પુસ્તિકામાં પ્રો. બકુલ રાવલે કર્યું છે. વાસુદેવ અને દેવકીના પુત્ર, કારાવાસમાં જન્મેલા અને કંસ - જેવા અધર્મીઓને હણીને અવતારકાર્ય સાર્થક કર્યું છે. ધર્મની સ્થાપના કરી માતા દેવકીને આનંદ આપ્યો. માની કૂખ ઉજાળી. પરિણામે એ જગતના ગુરુ બન્યા, યશોદાની આ મહાનતાનું સ્મરણ આપણને અહીં આનંદ ગૌરવ અને આશ્ચર્ય અપાવે તેવું છે. એક કવિવર કહી ગયા છે,

**किं ब्रूमस्त्वां यशोदे कति कति सुकृण-क्षेत्रे-वृन्दानि पूर्व**
**गत्वा कीदृकं विधानैः कति कति सुकृतोन्यर्जितोनि त्वयैव ।**
**नो शको न स्वयम्भूर्न ने च मदनरिपुर्यस्य लेभे प्रसादं**
**तत्पूर्णं ब्रह्म भूमौ विळुङ्गि विलपत कोऽमारो डूकाममः ॥२॥**

અર્થાત્ ''હે યશોદા અમે તને શું કહીએ ? કેટકેટલા તીર્થક્ષેત્રોના સમૂહમાં પૂર્વે જઈને તે કેટકેટલા પુણ્યો કમાયા હશે ? ઈન્દ્ર, બ્રહ્મા અરે મદનનો વિનાશ કરનાર શિવ પણ જેની કૃપા પ્રાપ્ત ન કરી શક્યા, તે પૂર્ણ બ્રહ્મ તારા ખોળામાં બેસવાની ઈચ્છાથી જમીન પર વિલાપ કરતું આળોટી રહ્યું છે.''

**૧. શિશુપાલવધ મહાકાવ્યનું કથાવસ્તુ :**

**સર્ગ - ૧**

આ મહાકાવ્યની શરૂઆત નારદજીના અવતરણથી થાય છે. નારદનું અવતરણ થતાં જ કૃષ્ણ અર્ઘ્ય વગેરે પૂજા સામગ્રીથી તેનો સત્કાર કરીને તેમના આગમનના સમાચાર પૂછે છે. ત્યારે નારદજી કહે છે કે શિશુપાલ નામનો રાક્ષસ અત્યારે પૃથ્વીને ભારે પીડા આપી રહ્યો છે. અત્યારે આ શિશુપાલ દેવ-દૈત્ય અને દાનવ ઉપર ક્રૂરતા વર્ષાવી સમસ્ત જગતને પીડા આપી રહ્યો છે. તેથી આ દુષ્ટનો નાશ કરી પૃથ્વીને હળવી બનાવો. આમ, ઈન્દ્રનો સંદેશો સંભળાની નારદ ત્યાંથી વિદાય લે છે.

**સર્ગ - ૨**

એકબાજુ નારદ ત્યાંથી વિદાય લે છે ત્યાં બીજી બાજુ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જવાનું આમંત્રણ આવે છે આથી આ બે માંથી કયું કામ પહેલાં કરવું તે બાબતે કૃષ્ણ બલરામ અને ઉદ્ધવ સાથે મંત્રણા કરે છે તેનું વર્ણન આ સર્ગમાં આવે છે.

**સર્ગ - ૩**

કૃષ્ણ કિંમતી આભૂષણો પહેરી, કૌમોદકી ગતા, નન્દક તલવાર, શાંગ ધનુષ્ય, પંચજન્ય શંખ, ગરૂડ-ચિહ્નથી અંકિત થયેલા રથમાં વિરાજી ઇન્દ્રપ્રસ્થ (હસ્તિનાપુર) જવા પ્રયાણ કરે છે. આ સમયે કવિ દ્વારિકા નગરી, કૃષ્ણને જોવા ઉમટેલા નાગરિકો અને સમુદ્રનું સુંદર વર્ણન કરીને તૃતીય સર્ગ પૂર્ણ કરે છે.

**સર્ગ - ૪**

આ સર્ગમાં કૃષ્ણનો સારથિ રસ્તામાં આવતા રૈવતક પર્વતનું સુંદર વર્ણન કરે છે.

**उदयति विततोर्ध्वरश्मिरज्जवहिमरचो हिम्धामिन यति चस्त म ।**
**वहति गिरीरयं विलम्बीधन्तादपरिवारितावारणन्द लालाम् ॥३॥**

આ શ્લોકથી કવિને ''ઘણ્ટામાઘ'' નું બિરુદ મળ્યું હતું કવિ કહે છે કે મૃગો અહીં ભ્રમણ કરી રહ્યા છે. પ્રિયાઓ સાથે સિદ્ધો સંચાર કરી રહ્યા છે, રાત્રિ સમયે અહીં ઔષધિઓ ચમકારા મારે છે તથા કિન્નરો વિહાર કરે છે. આમ, અહીં રૈવતક પર્વતનું અત્યંત મનોહર વર્ણન જોવા મળે છે.

**સર્ગ - ૫**

પાંચમાં સર્ગમાં સુંદર રૈવતક પર્વતને જોઈને કૃષ્ણ ત્યાં જ સેનાનો પડાવ નાખે છે. મદોન્મત્ત ગજરાજો અને રથપંક્તિઓ તથા ઊંટ વગેરે બધા ત્યાં જ રોકાય છે. અહીં કેટલાક સૈનિકો રણીઓ સાથે પર્વતની કન્દરાઓમાં વિહાર માટે જાય છે. ભગવાન યાદવ એક છાવણીમાં આરામ કરી રહ્યાં છે.

**સર્ગ - ૬**

આ સર્ગમાં ઋતુવર્ણન ખૂબ જ સુંદર રીતે કર્યું છે. હવે છ ઋતુઓ જાણે કે એક સાથે શ્રીકૃષ્ણની સેવામાં હાજર થઈ છે. અહીં હેમંત, શિશિર તથા વર્ષાઋતુનું સુંદર વર્ણન આવે છે.

**સર્ગ - ૭**

સાતમાં સર્ગમાં કૃષ્ણ અને યાદવોનું પોતપોતાની પ્રિયતમા સાથેનું વનવિહારનું સુંદર વર્ણન કવિએ કર્યું છે. બધા યાદવો કામકલામાં પ્રવૃત્ત થઈ રહ્યા છે. કામિનીઓ જાતજાતના મનોભાવ બતાવી કામીવૃન્દ સાથે ક્રીડા કરી રહી છે. આમ, ક્રીડા વર્ણનમાં જ સાતમો સર્ગ પૂર્ણ થઈ જાય છે.

**સર્ગ - ૮**

વનવિહાર કરીને થાકેલા યાદવાંગનાઓનું વૃન્દ હવે જળાશય તરફ જઈ રહ્યું છે. મોર-ઢેલ, હંસ-હંસી બધુ પક્ષી વૃંદ પણ કામાસક્ત છે. તેના વાતાવરણમાં કામિનાઓ પોતાના પ્રિયતમ સાથે જલક્રીડા કરે છે. આટલો સમય વિતતા સૂર્ય ભગવાન પણ પોતાના ઘરે પાછા ફરે છે અને અહીં આઠમો સર્ગ સમાપ્ત થાય છે.

**સર્ગ - ૯**

જલક્રીડા કર્યા પછી કામિનીઓ પોતાન નિવાસ સ્થાને જાય છે. કમળ અને લતાઓ બીડાઈ રહી છે. કુમુદલતા ખીલી રહી છે. બીજી બાજુ કામવાસના વધી જતાં કામિનીઓ પોતાના પ્રિયતમ સાથે વિવિધ પ્રકારની કામકેલિમાં લીન થઈ જાય છે.

**સર્ગ - ૧૦**

રતિક્રીડા અને તેની ઉપદેશક મદિરાનું આ સર્ગમાં વર્ણન છે. ક્યાંક સુંદર પ્રિયતમોનાં મુખ જ સુરાપાત્ર બની ગયા છે. મદ્યાપાન કરતી વેળાએ મદ્ય કરતાં પણ વધુ સ્વાદિષ્ટ કામિનીઓનાં ઓષ્ઠને કામુકો પી રહ્યા છે. જાત-જાતની કામક્રીડાથી હવે પ્રિય-પ્રિયાઓ થાકી ગયા છે એટલામાં જ સવાર થવા આવ્યું છે.

**સર્ગ - ૧૧**

પ્રાતઃકાલ થતાં કૃષ્ણને જાગૃત કરવા માટે ભાટ ચારણો મધુર કંઠે ગાન કરી રહ્યાં છે. પ્રાભાતના આગમન સૂચક મૃદંગના ધ્વનિઓ લોકોને જાગૃત કરવા લાગ્યા. નાયિકાઓ સવારમાં ક્રીડાપ્રસંગને યાદ કરીને લજ્જિત થઈ રહી છે. બ્રાહ્મણોએ અગ્નિહોત્રાદિ કર્મનો પ્રારંભ કરી દીધો છે. સૂર્ય ધીમે-ધીમે પોતાનું તેજ પૃથ્વી પર પાથરી રહ્યો છે. આવી રીતે આ સમગ્ર સર્ગ પ્રભાતના વર્ણનમાં પૂર્મ થાય છે.

**સર્ગ - ૧૨**

સવાર પડતાં જ શ્રીકૃષ્ણ પોતાના સૈન્ય સાથે આગળ વધે છે. અહીં મહાકવિ માઘે યમુના નદી પાર કરતાં સૈન્યનું ખુબ સુંદર રીતે વર્ણન કર્યું છે. કવિ માઘે ગોદોહનનું સરસ દૃશ્ય ઉભું કર્યું છે. તેઓ કહે છે કે ગાયોના વાછરડાં તેમના ડાબા પગે બાંધેલા છે અને ગાયો તેમને પ્રેમથી ચાટી રહી છે. ગોવાળો ઘુંટણો ઉપર બોઘેણું મૂકી દોહી રહ્યાં છે. દૂધ દોહતાં ધરર ધરર અવાજ થાય છે. કોણ જાણે કેમ કૃષ્ણ આવા ગોવાળને બહુ ધ્યાનથી જોઈ રહ્યા. આમ, અહીં બારમો સર્ગ સમાપ્ત થાય છે.(૩)

**સર્ગ - ૧૩**

કૃષ્ણનાં યમુના પારનાં સમાચાર સાંભળતા જ યુધિષ્ઠિર સ્વયં સૈન્ય સાથે તેનું સ્વાગત કરવા સામે આવે છે. કૃષ્ણને રથમાં બેસાડીને સ્વયં તેનો સારથિ બને છે. અર્જુન છાત્ર ધરે છે. ભીમ ચામર ઢોળે છે. નકુલ-સહદેવ વિનિત ભાવે પડખે ઉભા છે. કૃષ્ણને જોવા આવેલી અને કામચેષ્ઠાઓ કરતી નગર લલનાઓ ઉતાવળે ગળામાં હારને બદલે મેખલા ધારણ કરે છે.

**સર્ગ - ૧૪**

ચૌદમાં સર્ગમાં ધર્મરાજ યુધિષ્ઠિર કૃષ્ણના વખાણ કરીને ભાવિ રાજસૂય યજ્ઞમાં સહાયક બનવા માટે પ્રાર્થના કરે છે. આ સર્ગમાં યજ્ઞનું સુંદર વર્ણન કર્યું છે. હવે યજ્ઞમાં અગ્રપૂજા કરવાની સલાહ ભીષ્મપિતામહ આપે છે. આથી યુધિષ્ઠિર કૃષ્ણને પ્રથમ અર્ઘ્ય આપે છે. અહીં સર્ગ પૂરો થાય છે.

**સર્ગ - ૧૫**

આ સર્ગમાં કૃષ્ણની અગ્રપૂજાથી ક્રોધે ભરાયેલ શિશુપાલ યુધિષ્ઠિર, કૃષ્ણની નિંદા કરે છે. ભીષ્મ શિશુપાલને ફટકારે છે. આથી શિશુપાલ કૃષ્ણને અનેક કટુવચનો કહીને ત્યાંથી પોતાની શિબિરમાં જતો રહે છે. શિશુપાલ યુદ્ધ માટે આમંત્રણ મોકલી યુદ્ધની તૈયારી કરે છે. અંતમાં યુદ્ધનાં અનેક અપશુકનો સાથે પંદરમો સર્ગ સમાપ્ત થાય છે.

**સર્ગ - ૧૬**

યુદ્ધનું આહ્વાન કરેલાં શિશુપાલનાં દૂતનાં શબ્દોમાં ઉપરથી સ્તુતિ અને અંદરથી નિંદાનો અર્થ નીકળે છે. પછી શ્રીકૃષ્ણના કહેવાથી તેમનો દૂત સાત્યિક શિશુપાલ દૂતના વચનનો જવાબ આપે છે. પરંતુ આ બધું ન સાંભળતો હોય તેમ શિશુપાલનો દૂત પોતાની પ્રશંસા કરીને સ્વામીના પરાક્રમોનું વર્ણન કરે છે. તેમ આ સર્ગ પણ પૂર્ણ થાય છે.

સર્ગ - ૧૭

શિશુપાલના દૂતનાં ગર્વભર્યા વચનો સાંભળીને શ્રીકૃષ્ણ પક્ષના રાજાઓમાં સંક્ષોભ વ્યાપી જાય છે. આમ, છતાં કૃષ્ણ અને ઉદ્ધવ પૂર્ણ શાંત રહે છે. કૃષ્ણપક્ષના સૈનિકો યુદ્ધ માટે તૈયાર થાય છે, ચતુરંગી સેના પણ સજ્જ છે અને હવે તે પણ યુદ્ધ માટે પ્રયાણ કરે છે. આમ, સત્તરમો સર્ગ અહીં સમાપ્ત થાય છે.

સર્ગ - ૧૮

અઢારમાં સર્ગમાં કૃષ્ણ અને શિશુપાલની સેનાઓના તુમુલ યુદ્ધનું સુંદર વર્ણન કવિ માઘે કર્યું છે. આ સર્ગમાં મહાકવિ માઘનું યુદ્ધસંબંધી રાજનીતિ જ્ઞાનનો પરિચય થાય છે.

સર્ગ - ૧૯

ઓગણીસમાં સર્ગમાં બલરામ તથા નરકાસુરના પુત્ર વેણુદારીનાં યુદ્ધનું વર્ણન આવે છે. કૃષ્ણની સેના શિશુપાલની સેનામાં ઘુસી જઈને ભયંકર યુદ્ધ આદરે છે. શિશુપાલ કૃષ્ણની સેનાને અટકાવે છે. ત્યાં સ્વયં કૃષ્ણ આવીને ઊભા રહે છે. કૃષ્ણની બાણવૃષ્ટિ સાથે સર્ગ સમાપ્ત થાય છે.

સર્ગ - ૨૦

આ સર્ગમાં કૃષ્ણ અને શિશુપાલનાં ભયંકર યુદ્ધનું વર્ણન છે ક્રોધે ભરાયેલો શિશુપાલ જેવાં અસ્ત્રોનો પ્રયોગ કરે છે ભગવાન કૃષ્ણ તેની સામે તેવાં જ શામક અસ્ત્રો ફેંકે છે. શિશુપાલનાં દરેક અસ્ત્રને નિષ્ફળ બનાવતા કૃષ્ણને શિશુપાલ અશિષ્ટ એવા મર્મભેદી વચનો સંભળાને છે. શિશુપાલનાં બધા ગુના પુરા થતા અને આવા વચનો સહન ન થતાં કૃષ્ણ સુદર્શન ચક્ર વડે તેનું મસ્તક કાપી નાખે છે. બધા જ દેવો પુષ્પવૃષ્ટિ કરે છે. શિશુપાલનાં શરીરમાંથી નીકળેલું દિવ્ય તેજ કૃષ્ણનાં શરીરમાં વીલિન થઈ જાય છે. આમ, મહાકવિ માઘ આ મહાકાવ્યને અહીં પૂર્ણ કરે છે.

**- શિશુપાલ વધ મહાકાવ્યના પ્રમુખ નાયક શ્રીકૃષ્ણનું ચરિત્રચિત્રણ –**

ભારતીય સાહિત્યમાં શ્રીકૃષ્ણને કેન્દ્રમાં રાખીને ઘણું જ લખાયું છે. તેમાં શ્રીકૃષણ એક યોદ્ધા, જગતગુરુ, પ્રિયતમ, વિષ્ટિકાર, ભક્તવત્સલ એવા અનેક સ્વરૂપે દૃષ્ટિગોચર થાય છે. ''વિશ્વના આદિ, મધ્ય અને અંતમાં આ એક જ પરમ શક્તિ રમમાણ હોવા છતાં મનુષ્ય તેને ઓળખી શકતો નથી. આનું કારણ એ છે કે શ્રીકૃષ્ણ પોતાની અસ્મીતાને કારણે મનુષ્યની દૃષ્ટિમાં સમગ્રપણે આવી શકે તેમ નથી.''

આ મહાકાવ્યના પ્રથમ તેર સર્ગોમાં શ્રીકૃષ્ણનાં ઐશ્વર્ય, પ્રસ્થાન, વનવિહાર, જલક્રીડા, રૈવતક પર્વત વગેરેનું વર્ણન કરવામાં આવેલું છે.

હિન્દુ ધર્મમાં ઈશ્વરના મુખ્ય દશ અવતારો થયેલા જોવા મળે છે. પરંતુ સમગ્ર વિશ્વમાં આ દશાવતારો પૈકીના કૃષ્ણાવતારનો વિશેષ મહિમા જોવામાં આ છે. કારણ કે અન્ય અવતારોમાં ખાસ એકાંગી પ્રયોજન લઈને ઈશ્વરના અવતારો થયા છે.

શ્રીકૃષ્ણે પોતાના બાલ્યકાળથી લઈને ભૌતિક વિગ્રહના અંતરધાન થવા સુધી એટલે કે યાદવોના નાશ થવા સુધીમાં જે-જે અન્યાયીઓ જોવામાં આવ્યા તે-તે અત્યાચારીઓનું દમન કરીને ધર્મની સ્થાપના કરવાના જ કાર્યો કરેલા હતા.

આ કૃષ્ણાવતારી ભગવાન શ્રી દ્વારિકાધીશનો જન્મ લગભગ આજથી ૫૨૦૦ વર્ષ પૂર્વે મથુરાનાં કંસના કારાગારમાં થયો હતો. એટલે કે ૫૨૦૦ વર્ષ પૂર્વે શ્રાવણ વદી આઠમ બુધવાર, રોહિણી નક્ષત્ર, રોહણયોગ, વર્ષાઋતુમાં રાત્રીના ૧૨ વાગ્યે પ્રાદુર્ભાવ થયો હતો.

કાળના નિયન્તાએ પણ કૃષ્ણના સત્ય અને ધર્મને પ્રમાણ કાળચક્રના આરા થંભાવી દીધા. આથી વધારે મોટી સાખ ધર્મગોપ્તાની બીજી શી હોઈ શકે ? કૃષ્ણ ધર્મને નહિ પણ ધર્મ કૃષ્ણને અનુસરે.

**''यतः कृष्णः ततो धर्मः यतो धर्मः ततो जयः ।''**

એ કૃષ્ણનાં વ્યક્તિત્વનો મહિમા છે.(૪)

વૃંદાવન વિહારી નંદ નંદન શ્રીકૃષ્ણના લૌકિક વ્યક્તિત્વની એટલી બધી ચર્ચા ભક્તિ સાહિત્યમાં તથા કૃષ્ણ કાવ્યોમાં છે કે એમનું લૌકિક વ્યક્તિત્વ આલોચકો તથા સામાન્ય માણસોની નજરમાં એક પ્રકારનો પડદો બની રહે છે. સત્તા હોવા છતાં તે અસત્તાના સામ્રાજ્યમાં જ વધારે ને વધારે વિચરણ કરતો જોવા મળે છે. એ બાજુ ભક્તોની નજર જ નથી પહોંચતી કે એમનું લૌકિક જીવન પણ એટલું જ ભવ્ય અને ઉદાર છે જેટલું એમનું અલૌકિક જીવન મધુર તથા સુંદર છે.

મહાકવિ માઘે સૌંદર્યની પરિભાષા આ પ્રકારે આપી છે.

**''क्षणे क्षणे यन्नवतामुपैति तदैव रूपं रमणीयतायाः ।''**

અર્થાત્ જે વસ્તુ પ્રત્યેક ક્ષણ નવી નવી એવું પ્રતીત થાય તે સુંદર છે. જેવી રીતે સૂર્ય અને ચંદ્ર કદીએ જૂના છે એમ નથી લાગતું એવી રીતે શ્રીકૃષ્ણ તત્કાલીન ગોપીઓને તથા બીજા જેને પણ એમને જોયા છે, એમને ક્યારેય જૂના નથી લાગ્યા. ભારતીય સમાજ શ્રીકૃષ્ણની સાથે ભગવાન શબ્દનો પ્રયોગ કરે છે.

''સર્વવિધ, ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આ છ.''

ગુણોથી શ્રીકૃષ્ણ પૂરી રીતે શોભાયમાન છે. એટલે તેમને ભગવાન કહેવામાં આવ્યા છે. કોઈ એક જ વ્યક્તિમાં આ બધા ગુણોનું હોવું સૌંદર્યની પરાકાષ્ઠા છે. ભારતીય સાહિત્યમાં શ્રીકૃષ્ણના જીવન પર આધારિત અનેક શૃંગાર પરક કાવ્યોની રચના કરવામાં આવી છે. આ રચનાઓમાં બાળપણમાં એમના નટખટ સ્વભાવ દ્વારા ગોપીઓને મોહિત કરતા જોવા મળે છે. ક્યારેક ગોપીઓના વસ્ત્રોનું હરણ કરી લેતાં, તો ક્યારેક ગોપીઓથી છુપાય છે. તો ક્યારેક રાસલીલા કરીને બધાનું મન જીતી લે છે. (૫)

પુરાણોમાં શ્રીકૃષ્ણ એક ઈશ્વરીય વ્યક્તિ છે. જ્યારે ભાગવત પુરાણમાં કૃષ્ણે શિશુપાલનો સુદર્શનથી વધ કર્યો તેમાં પણ તેમનું ઈશ્વરીય સ્વરૂપ દેખાય છે. મહાભારતમાં પણ એમનું આવું જ સ્વરૂપ છે. જાગ્રે માઘમાં તેઓ દૈવીતત્ત્વ અને માનવતત્ત્વનું સુંદર મિશ્રણ છે. દો કે માઘના પ્રથમ સર્ગમાં નારદે કરેલ સંક્ષિપ્ત સ્તુતિમાં એ સાફ બતાવવામાં આવ્યું છે કે કૃષ્ણ અવતારી પુરુષ છે. તેઓ અંતર્યામી છે તેથી તેમને કાર્યાકાર્ય વિદિત છે. તેઓ દગન્નિવાસ છે. આમ, છતાં સાથે સાથે તેમનામાં માનવીય નૃપત્વ અધિક છે. તેઓ એક ક્ષત્રિય યદુવંશી નૃપતિ છે. ઋષિ, મુનિ, બ્રાહ્મણોનું યથોચિત સ્વાગત કરનાર છે. નારદજી આવતા તેમણે કરેલા તેમના પૂજાવિધિમાં તેમનું ઉચ્ચ વ્યક્તિત્વ તરી આવે છે. ગુરુજનોમાં અતુટ શ્રદ્ધા ધરાવનાર કૃષ્ણ અત્યંત મધુરભાષી છે.

આ મહાકાવ્યના અન્ય સર્ગો ઉપરથી માલુમ પડે છે કે તેઓ સ્તુતિઓના સ્વામી છે. સર્ગ-૧૪ માં ભીષ્મ દ્વારા કરાયેલ કૃષ્ણની સ્તુતિમાં તેમનું અવતારી તત્ત્વ દેખાય છે. તેજમાં તેઓ અગ્નિ અને સૂર્ય જેવા છે. તેઓ સંયતચિત્ત તથા સમર્થ કાર્યકર્તા છે. તેઓ સ્વભાવે વિનમ્ર ધૈર્યશીલ તથા ગૌરવાન્વિત છે. નીતિનિપુણ કૃ્ણ શત્રુ દ્વારા આક્રાંત જનતાની સ્વયં રક્ષા કરે છે.

આ મહાકાવ્ય શિશુપાલવધને પૂરું વાંચી જતા કૃષ્ણના કેટલાક દિવ્યતત્ત્વોને બાજુ પર રાખીએ તો તેમનામાં રામાયણના રામ જેવા આદર્શ માનવતા દર્શન થાય છે. ગોપી-કૃષ્ણનાં નહિ. આ કાવ્યમાં શઈશુપાલને માર્યો છે તે વીર ચરિત્ર છે. દૈવી નહિ, આમ, છતાં કૃષ્ણના પૂજનીય ચરિત્રની માથે સાવધાની પૂર્વક રક્ષા કરી છે.

આમ, જોઈએ તો કંસવધનું પરાક્રમ કૃષ્ણજીવનનું સર્વોત્તમ શિખર નથી. પણ લગભાગ તળેટી પાસેનો પડાવ છે. કૃષ્ણના પૂર્ણ પુરુષોત્તમનો વિકાસ ત્યાર પછીના જીવન દરમ્યાન થયો છે. ભૌતિક જીવનમાં સ્વાભાવિક કહી શકાય તેવા સુખ-દુઃખો વચ્ચે કૃષ્ણના વ્યક્તિત્વનો વિકાસ સતત થઈ રહ્યો છે. અને તેમાં કદી ઉતાર કે ઓટ આવ્યાં નહિં. પરાક્રમી રાજપુરુષ સર્વસામાન્ય, મુત્સદી, પરમ બુદ્ધિમાન, પ્રાણીમાત્રનાં હિતચિંતક, ગીતાના ઉપદેશક અને છેવટે પોતાના જ કુળ અને રાજ્યનો મહાસંહાર તટસ્થભાવે જોઈ લેનાર પરાતત્પર યોગેશ્વર એવા વિકાસના પગથિયા શ્રીકૃષ્ણ સતત ચડતા રહ્યા છે. ઓજસ્વી અને બળવાન બાળકમાંથી પૂર્ણ પુરુષોત્તમ બન્યા છે. યાદવોના અગ્રણીપદેથી જગદ્‌ગુરુની કક્ષાએ પહોંચ્યા છે. (૬)

આમ, ભારતીય કલાકૃતિઓ અને સાહિત્યસર્જનના નાભિસ્થઆને ઉભેલા બંસીધર, ગોપીપ્રિય કૃષ્ણ આજે પોતાની લીલાઓથી અને ભારતીય નીતિશાસ્ત્રનાં સર્વજ્ઞાનસંગ્રહ સમી ગીતાના ઉપદેશનેકારણે વિશ્વભરમાં અન્ય હિન્દુ દેવી દેવતાઓની સરખામણીએ સૌથી વધારે વિખ્યાત છે.

**- પાદટીપ**

૧. वसुदेवसुतं देवं कंचसाणूरमर्दनम्।
देवकी परमानन्दं कृष्णं वन्दे जगद्गुरुम्॥ - સંસ્કૃત સાહિત્યમાં શ્રીકૃષ્ણ

૨. उदयति वित्ततोधर्वरश्मिरज्जावाहिमरचो हिम्धामिन यति चस्तम।
वहति गिरीरयं विलम्बीधन्ताद्यपरिवारितावारणणन्द लालाम्॥ - શિશુપાલવધ મહાકાવ્ય, સર્ગ - ૪, શ્લોક - ૨૦

૩. प्रीत्यानियुक्तांल्लिहता स्तनंधयान्निगृह्य पारीमुभयेन जानुनोः।
वर्धिष्णुधाराध्वनि रोहणीः पयश्चिरं निदध्यौ दुहतः स गोदुहः॥ - શિશુપાલવધ મહાકાવ્ય, સર્ગ - ૧૨, શ્લોક - ૪૦

૪. - મહાભારતમાં શ્રીકૃષ્ણ, (સંસ્કૃત સાહિત્યમાં શ્રીકૃષ્ણ)

૫. श्रीमद् भागवत एवं महाभारते श्रीकृष्ण। - ડૉ. સુનીતા શર્મા, ડૉ. રાધેશ્યામ શુક્લ, પ્રતિમા પ્રકાશન દિલ્લી, પેજ-૯૪

૬. મહામાનવ શ્રીકૃષ્ણ - ડૉ. જ્યોત્સ્ના તન્ના, નવીનદાસ સંઘવી, પેજ-૧૩

**- સંદર્ભ ગ્રંથસૂચિ**


૧. સંસ્કૃત સાહિત્યમાં શ્રીકૃષ્ણ, સંપાદક-ગૌતમ પટેલ, પેજ નં. ૧

૨. શિશુપાલવધ મહાકાવ્ય, સંપાદક - પ્રા. નીતિન રતિલાલ દેસાઈ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬, પ્રથમ આવૃત્તિ-૨૦૦૧

૩. મહાભારતમાં શ્રીકૃષ્ણ (સંસ્કૃત સાહિત્યમાં), સંપાદક-પ્રા. શાંતકુમાર એમ. પંડ્યા

૪. श्रीमद् भागवत् एवं महाभारते श्रीकृष्ण, संपादक-डॉ. सुनीता शर्मा, डॉ. राधेश्याम शुक्ला, प्रतिमा प्रकाशन दिल्ली पेज-९४

૫. મહામાનવ શ્રીકૃષ્ણ, સંપાદક-ડૉ. જ્યોત્સ્ના તન્ના, ડૉ. નગીનદાસ સંઘવી, પંજ નં.-૧૩

# કાવ્યપ્રકાશમાં અપ્રસ્તુતપ્રશંસા અલંકાર

– ડૉ. રઘુભાઈ કે. પટેલ, *ધી. કે. એન. એસ. બી. એલ. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ખેરાલુ, મો. ૯૯૦૯૨૯૧૪૯૪*

સાહિત્યમાં અલંકારોનો પ્રયોગ આમ તો વેદકાળ જેટલો જૂનો છે. અલંકારોની શાસ્ત્રીય વિચારણાનો આરંભ ભરતમુનિના નાટ્યશાસ્ત્રથી થાય છે. ભરતમુનિએ નાટ્યગત ભાષાસાહિત્યના સંદર્ભમાં ઉપમા, રૂપક, દીપક અને યમક એમ ચાર અલંકારોની ચર્ચા કરી છે. કાવ્યાદર્શના રચયિતા આચાર્ય દંડીએ પાંત્રીસ અલંકારોની વિસ્તૃત ચર્ચા કરી છે. તો વળી રુદ્રટે અડસઠ અલંકારોનું નિરૂપણ કર્યું છે. આચાર્ય મમ્મટે પોતાના પુરોગામી અલંકારગ્રંથોનું આકલન કરીને કાવ્યપ્રકાશના નવમા ઉલ્લાસમાં છ શબ્દાલંકારો અને દશમા ઉલ્લાસમાં બાસઠ અર્થાલંકારોની ચર્ચા કરી છે. અર્થાલંકારો પૈકી અપ્રસ્તુતપ્રશંસા અલંકારની વ્યાખ્યા મમ્મટે આ પ્રમાણે આપી છે.

अप्रस्तुतप्रशंसा या सासैव प्रस्तुतास्रया । અર્થાત્ પ્રસ્તુતના આશ્રયે જે અપ્રસ્તુતનું કથન હોય તે અપ્રસ્તુતપ્રશંસા અલંકાર કહેવાય. અપ્રાકરણિકના કથન વડે પ્રાકરણિકનો આક્ષેપ એટલે અપ્રસ્તુતપ્રશંસા અલંકાર. અપ્રસ્તુતપ્રશંસા અલંકારની વ્યાખ્યાને સમજવામાં આટલી બાબતો મહત્ત્વની છે. (૧) અપ્રસ્તુતતનું વર્ણન, (૨) તેના દ્વારા પ્રસ્તુત વસ્તુની પ્રતીતિ, (૩) અપ્રસ્તુતને પ્રસ્તુતનો આધાર, (૪) અપ્રસ્તુતવસ્તુ વાચ્યાર્થમાં અને પ્રસ્તુત વસ્તુ વ્યંગ્યાર્થમાં હોય છે.

કુવલયાનંદમાં અપ્રસ્તુતપ્રશંસા અલંકારની વ્યાખ્યા આ મુજબ આપેલી છે - अप्रस्तुतप्रशंसा स्यात्सा यत्र प्रस्तुताश्रया । શોભાકરમિત્ર આ અલંકારની વ્યાખ્યા આપતાં કહે છે - अप्रस्तुतादन्यप्रतीतिः अप्रस्तुतप्रशंसा । તો વળી જગન્નાથે રસગંગાધરમાં કહ્યું છે કે - अप्रस्तुतेन व्यवहारेण प्रस्तुतव्यवहारो यत्र प्रशस्यते साप्रस्तुतप्रशंसा ।

અપ્રસ્તુતપ્રશંસા અલંકારમાં અપ્રસ્તુતના વર્ણનથી પ્રસ્તુતનું સૂચન પ્રસ્તુતને ઉત્કટ બનાવે છે. અપ્રસ્તુતના વિધાનમાંથી પ્રસ્તુત કે કવિને અભિપ્રેત અર્થ પ્રાપ્ત થવો જોઈએ. શ્લેષ કે વ્યવહારજ્ઞાન અને સંદર્ભો સમજવાની બુદ્ધિ પ્રસ્તુતને સમજવામાં મદદરૂપ થાય છે. અપ્રસ્તુતનું વિધાન સ્તુતિ, નિન્દા કે સ્વરૂપના વર્ણનરૂપ હોઈ શકે છે. બધા જ આલંકારિકો અપ્રસ્તુતપ્રશંસાર અલંકારના પાંચ પ્રકારો માને છે. મમ્મટ પણ તેરમી કારિકામાં આ અલંકારના પાંચ ભેદોની સમજ આપતાં કહે છે -

कार्ये निमित्ते सामान्ये विशेषे प्रस्तुते सति ।
तदन्यस्य वचस्तुल्ये तुल्यस्येति च पंचधा ॥ काव्यप्रकाश १०.१३

અર્થાત્ કાર્ય, કારણ સામાન્ય અને વિશેષ પ્રસ્તુત હોય ત્યારે તેનાથી ભિન્ન (એટલે અનુક્રમે કારણ, કાર્ય, વિશેષ અને સામાન્યનું) તેમ જ તુલ્ય પ્રસ્તુત હોય ત્યારે તેનાથી ભિન્ન તુલ્યનું કથન. એમ અપ્રસ્તુતપ્રશંસાના પાંચ પ્રકાર પડે છે. (૧) કાર્ય પ્રસ્તુત હોય અને કારણ અપ્રસ્તુત હોય. (૨) કારણ પ્રસ્તુત હોય અને કાર્ય અપ્રસ્તુત હોય. (૩) સામાન્ય પ્રસ્તુત હોય અને વિશેષ અપ્રસ્તુત હોય. (૪) વિશેષ પ્રસ્તુત હોય અને સામાન્ય અપ્રસ્તુત હોય. (૫) તુલ્ય પ્રસ્તુત હોય અને તુલ્ય અપ્રસ્તુત હોય તેના ત્રણ પેટા પ્રકારો પડે છે. જેમાં તુલ્ય અપ્રસ્તુત વર્ણ (ક) શ્લેષવાળું હોય, (ખ) સમાસોક્તિવાળું હોય (ગ) ફક્ત સાદૃશ્યવાળું હોય.

(૧) મમ્મટે અપ્રસુતતપ્રશંસાના પ્રથમ પ્રકારને સમજાવવા માટે આ ઉદાહરણ આપ્યું છે - याता किं मिलन्ति. અર્થાત્ હે સુંદરી, ગયેલા લોકો શું (ફરીથી) મળતા નથી ? તારે મારે માટે ચિંતા ન કરવી જોઈએ. તું એકદમ કૃશ છે. - આ પ્રમાણે આંસુ સાથે હું કહી રહ્યો હતો ત્યારે લજ્જાથી સ્થિર કીકીવાળી, પડતાં આંસુઓને અટકાવતી આંખે મને જોઈને તેણીએ હાસ્ય વડે ભાવી મરણ વિષેનો (પોતાનો) ઉત્સાહ સૂચવી દીધો.

યુવકે પ્રવાસમાં જવાનું માંડી વાળ્યું. આથી તો મિત્રે પૂછ્યું - શું જવાનું માંડી વાળ્યું ? આમ, મિત્ર કાર્ય વિશે પૂછે છે તેથી કાર્ય પ્રસ્તુત છે. યુવકે કહ્યું કે તેની પત્નીએ તેને પ્રવાસમાં જતો રોકવા પોતે મરી જશે એવું કહ્યું હતું, તે કારણે તે ન ગયો. યુવક અપ્રસ્તુત કારણ વર્ણવે છે. તે દ્વારા પ્રસ્તુત કાર્ય સૂચિત થાય છે.

(૨) બીજા પ્રકારને સમજાવતાં राजन् राजसुता. ઉદાહરણ રજૂ કરે છે. અર્થાત્ હે રાજા, રાજકુમારી મને ભણાવતી નથી. રાણીઓ પણ ચૂપ થઈ ગઈ છે. હે દાસી, તું મને ખવડાવ. શું રાજકુમાર અને મંત્રીઓ હજુ સુધી જમ્યા નથી ? આ પ્રમાણે, હે સ્વામી, તમારા શત્રુઓના મહેલમાં વટેમાર્ગુઓએ પિંજરામાંથી છોડી મૂકેલો પોપટ સૂની અટારીએથી ચિત્રમાં ચીતરેલા એક-એકને જોઈને કહે છે.

અહીં કવિ પોતાના રાજાને કહે છે કે - 'તમારા શત્રુઓ તમે હલ્લો કરવાના છો તેની જાણ થતાં જ નાસી ગયા છે.' સીધું કહેવાને બદલે તે દુશ્મન રાજાના રાજમહેલની સ્થિતી વર્ણવે છે. શત્રુ રાજા નાસી જવાથી શું શું બન્યું - રાજકુમારી પોપટને ભણાવતી નથી. રાણીઓ ચૂપ બેઠી છે. વગેરે કાર્ય (અપ્રસ્તુત)નું વર્ણન કરે છે. આ બધું (અપ્રસ્તુત) બન્યું છે. કેમ કે રાજા ચડાઈ કરવાનો છે તે સાંભળીને દુશ્મનો નાસી ગયા છે. (પ્રસ્તુત કારણ) વ્યંગ્યાર્થમાં સૂચવાયું છે કાર્ય અપ્રસ્તુત છે, પ્રસ્તુત કારણ સૂચવાયું છે.

(૩) અપ્રસ્તુતપ્રશંસાના ત્રીજા પ્રકારને સમજાવવા एतत् तस्य. શ્લોક રજૂ કર્યો છે. અર્થાત્ તેના મુખેથી સાંભળેલી આ વાત કેટલી સામાન્ય છે કે તે મૂર્ખાએ કમળના પાન પર રહેલા પાણીના ટીંપાને મોતી માની લીધું. આના કરતાંય વિશેષ સાંભળો દરરોજના આંતરિક શોકને લીધે તે ઉંઘતો નથી.

કવિએ ઉપર્યુક્ત શ્લોકમાં એક મૂર્ખનું વર્ણન કર્યું છે. તે વ્યક્તિવિશેષ (ચોક્કસ વ્યક્તિ)ની વાત હોવાથી વિશેષ છે. અહીં વિશેષ અપ્રસ્તુત છે. જડ માણસોની પ્રવૃત્તિ અસ્થાને જ હોય છે. બધા મૂર્ખો આવા જ હોય છે. આ સામાન્ય વ્યંગ્યાર્થમાં સૂચવાય છે. અહીં વિશેષ અપ્રસ્તુત, સામાન્ય પ્રસ્તુત છે.

(૪) ચોથા પ્રકારના ઉદાહરણમાં सुहृदवधूबाष्प. શ્લોક રજૂ કરે છે. અર્થાત્ જે વરનો બદલો લઈને મિત્રની પત્નીઓનાં આંસુ લૂછે છે તે જ પુરુષ પૂજ્ય છે, તે જ નીતિવાળો છે, તેનું જીવન ધન્ય છે, તે લક્ષ્મીનું પાત્ર છે.

અહીં શાલ્વને સીધી સલાહ ન આપતાં સામાન્ય વાત કરે છે કે સાચો નીતિજ્ઞ અને વીર પોતાની મિત્રની પત્નીનાં આંસુનું વેર દુશ્મનનો અંત લાવીને લે છે. આ રીતે સામાન્ય પ્રસ્તુતનું વર્ણન કરીને, હે શાલ્વ તમારા મિત્ર નરકાસુરના મૃત્યુનો બદલો તમે કૃષ્ણને મારી નાંખીને લો અને તે રીતે તમારે નરકાસુરની પત્નીઓનું દુઃખ દૂર કરવું જોઈએ. આ વિશેષ વાત પ્રસ્તુત છે, તેનું સૂચન કરે છે. અહીં સામાન્ય અપ્રસ્તુત...વિશેષ વસ્તુ પ્રસ્તુત છે.

(૫) હવે મમ્મટ તુલ્ય અપ્રસ્તુત હોય અને તુલ્ય પ્રસ્તુત હોય તે પાંચમા પ્રકારના અપ્રસ્તુતપ્રશંસા અલંકારના ઉદાહરણો આપે છે. તેણે પાંચમ પ્રકારના ત્રણ પેટા પ્રકારો આપ્યા છે. (ક) શ્લેષની જેમ વિશેષણો અને વિશેષ્ય બંને દ્વિઅર્થી હોય. (ખ) સમાસોક્તિની જેમ વિશેષણો શ્લિષ્ટ હોય અને (ગ) માત્ર સાદશ્ય જ હોય.

(ક) પ્રથમ પ્રકારની ચર્ચા કરતાં पुंस्त्वादपि ઉદાહરણ રજૂ કરે છે. અર્થાત્ જો પુરુષત્વમાંથી પણ વિચલિત થવું પડે, જો નીચે પણ જવું પડે. જો યાચના કરવામાં હલકા પણ બનવું પડે તો પણ દુનિયાનો ઉદ્ધાર કરવો, આમ આવી આ દિશા કોઈક પુરુષોત્તમે પ્રકટ કરી છે.

અહીં હારેલા રાજાને તેનો મંત્રી રાજ્ય પાછું મેળવવા હલકી સ્થિતિ પણ સ્વીકારવી પડે તેમ સમજાવે છે. આવું સ્પષ્ટ કહેવાને બદલે તે પુરુષોત્તમ (વિષ્ણુ)નું દષ્ટાંત આપે છે. શ્લિષ્ટ પદો જુઓ - पुंस्त्वाद- રાજાના પક્ષે પાતાળ-ગમન (કચ્છપાવતારમાં) રાજાના પક્ષે હીન અવસ્થાની પ્રાપ્તિ. न महान्- રાજાના પક્ષે મહત્વનો નાશ, વિષ્ણુના પક્ષે વામન અવતાર पुरुषोत्तम- રાજા વિષ્ણું શ્લિષ્ટ તુલ્ય અપ્રસ્તુત તુલ્ય પ્રસ્તુત પાંચમાં પ્રકારનો પહેલો પેટા પ્રકાર.

(ખ) બીજા પેટાપ્રકારની ચર્ચા માટે મમ્મટે येनाभ्युदितेन. શ્લોકનું ઉદાહરણ આપ્યું છે. અર્થાત્ હે ચંદ્ર, જેણે ઊગીને તને ઝાંખો પાડી દીધો છે તે સુર્યનો બદલો લેવો એ જ તારા માટે યોગ્ય હતું. તેના જ પગ પકડવાનું યોગ્ય ન હતું. જો ક્ષીણ થવાથી તેં આમ કર્યું હોય તો તેને જરા પણ શરમ નથી આવતી ? ભલે એમ, પણ તું આકાશમાં ચમકી રહ્યો છે તે તો તારી જડતા જ છે.

અહીં સૂર્યની હાજરીમાં ચંદ્ર ઝાંખો પડે છે. તેનું વેર લેવાને બદલે ઉલટો ચંદ્ર સૂર્ય પાસેથી તેજ લઈને શરમાવાને બદલે પ્રકાશે છે. અપ્રસ્તુત ચંદ્ર વિશેષ્ય છે. તે શ્લિષ્ટ નથી. બીજાં વિશેષણો શ્લિષ્ટ છે. क्लान्ति गमित (ચંદ્ર ઝાંખો પડ્યો, રાજા ગૌરવરહિત બન્યો) पादग्रहः (ચંદ્રના પક્ષે સૂર્યકિરણો લેવાં દુશ્મનોની ખુશામત કરવી.) व्योम्नि विस्फूरण (ચંદ્ર આકાશમાં પ્રકાશે છે, રાજાનું રાજ્યમાં સ્થિર થવું) બીજો પ્રકાર સમાસોક્તિ પર આધારિત તુલ્ય અપ્રસ્તુત તુલ્ય પ્રસ્તુત.

(ગ) ત્રીજો પેટા પ્રકાર માટે आदाय वारि. ઉદાહરણ આપે છે. અર્થાત્ આ દુષ્ટ સમુદ્રે નદીઓનાં મુખોમાંથી ચાર બાજુએથી પાણી લઇને શું મેળવ્યું ? તેને ખારું બનાવ્યું, વડવાનળમાં હોમી દીધું અ; પાતાળની કૂખના ખાડામાં ભરી દીધું. અહીં અપ્રસ્તુત સમુદ્રનું વર્ણન છે. તેના સાદશ્ય પરથી સંપત્તિ ઉડાડનાર અવિચારી પૈસાદાર (પ્રસ્તુત)નું સૂચન થાય છે. સાદશ્ય પર આધારિત તુલ્ય અપ્રસ્તુત, તુલ્ય પ્રસ્તુત એમ આ અપ્રસ્તુતપ્રશંસાના પાંચમાં પ્રકારનો ત્રીજો પેટા પ્રકાર બને છે.

o o o

## ॥ વૃત્તનવનીતમ્ ॥

– **ફેબ્રુઆરી, ૨૦૨૪માં શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ્ દ્વારા લેવાયેલી પરીક્ષામાં વિવિધ સ્કૂલોના પ્રચારકોએ પોતાના કેન્દ્રમાં આવેલા વિદ્યાર્થીઓને નિમ્ન પ્રકારે પારિતોષિક આપીને પ્રોત્સાહિત કર્યા હતાં. જેના સ્થાનિક સમાચારોના સમાચાર પત્રોએ નોંધ લીધી હતી. જેના કેટલાક ફોટો અને વિડીયો તથા લિંક નિમ્ન પ્રમાણે છે.**

- બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ્ અમદાવાદ દ્વારા કચ્છમાં ફેબ્રુઆરી ૨૦૨૪ માં લેવાયેલી સંસ્કૃત પ્રાજ્ઞની પરીક્ષામાં ભુજના સ્વામિનારાયણ મંદિરના બે સંતો કચ્છ જિલ્લામાં પ્રથમ સ્થાને આવ્યા હોવાનું કચ્છના સંસ્કૃત પ્રચારક રત્ન એવોર્ડ વિજેતા વિભાકરભાઈ અંતાણીએ જણાવ્યું હતું. જેમાં ભુજના સ્વામિનારાયણ મંદિરના સંત શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રિયદાસજી અને શાસ્ત્રી સ્વામી હરિવદનદાસજી (સંસ્કૃત પાઠશાળા) કચ્છ જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેઓને ટૂંક સમયમાં સંસ્કૃતની પદવી એનાયત થશે. આ વર્ગોનું સંચાલન રમેશભાઈ વૈદ્ય, અનુપમભાઈ શુક્લએ કર્યું હતું. ઉત્તીર્ણ થયેલ બંને સંતોને મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી, શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, સ્વામી ડૉ. સત્યપ્રસાદદાસજી તેમજ રત્નાકરભાઈ ધોળકિયા, મનોજભાઈ સોલંકી અને હસમુખભાઈ વોરાએ અભિનંદન પાઠવ્યા હતા. આ બંને સંતોએ ભૂષણ, વિશારદ અને પ્રાજ્ઞમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કચ્છનું અને સ્વામિનારાયણ મંદિર તેમજ સંસ્કૃત પાઠશાળાનું ગૌરવ વધાર્યું હોવાનું આશિષભાઈ વૈદ્યે જણાવ્યું હતું.







## સંસ્કૃત ભાષા થકી સંસ્કૃતિ ટકી રહેશે

### સંસ્કૃતની પ્રબોધ થી પ્રાજ્ઞ સુધી ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છાત્રોનું વિશેષ બહુમાન કરાયું

- સાદરા કેન્દ્ર ખાતે લેવાયેલ પરીક્ષામાં પ્રોત્સાહિત કરાતાં વિદ્યાર્થીઓનો વિડીયોની ફેસબુક અને યુટ્યુબ લિંક નિમ્ન પ્રમાણે છે.

https://www.facebook.com/share/v/A55MjyXu8C8Lx8hH/?mibextid=w8EBqM
https://youtu.be/cN56pgh9-gk



શ્રી રામકૃપા સંસ્કૃત પ્રચાર કેન્દ્ર સાદરા દ્વારા આયોજન

## પાદરા તાલુકાની સાદરા પ્રાથમિક શાળામાં સંસ્કૃતની પરીક્ષા લેવાઈ

### વિજેતાઓને મેડલ, પ્રમાણપત્ર આપીને સન્માનિત કરાયા

| પાદરા |

પાદરા તાલુકાની સાદરા પ્રાથમિક શાળામાં શ્રી રામકૃપા સંસ્કૃત પ્રચાર કેન્દ્ર સાદરાના કેન્દ્ર અધ્યક્ષ તથા આચાર્ય જીગ્નેશભાઈ આર પંડ્યા (બાપજી) જેઓ બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ અમદાવાદ દ્વારા લેવામાં આવતી સંસ્કૃત પ્રવેશ- સંસ્કૃત પ્રથમા- સંસ્કૃત મધ્યમાં ની પરીક્ષાઓ લીધી હતી. સાદરા પ્રાથમિક શાળાના આચાર્ય નિખિલ ભાઈ ના સહયોગથી વિદ્યાર્થીઓએ ખુબ જ સરસ રસ-રુચિ રાખી વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉતીર્ણ થયા હતા.

જે પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થનાર વિદ્યાર્થીની હેનાલી જયમલસિંહ ચૌહાણને( ટ્રોફી) આપવામાં આવેલ છે જેઓ ધોરણ-૭માં અભ્યાસ કરે છે જ્યારે બીજા નંબરે પાસ થનાર વિદ્યાર્થીની બીજલ કિરપાલસિહ ગોહિલ જેમને (ગોલ્ડ કલરનો સિલ્ડ) આપેલ છે. જેઓ ધોરણ -૬મા અભ્યાસ કરે છે. ત્રીજા નંબરે પાસ થનાર વિદ્યાર્થી વસંત રાજુભાઈ બારીયા જેમને (સિલ્વર કલરનો સિલ્ડ) આપ્યો છે. જેઓ ધોરણ -૮માં અભ્યાસ કરે છે.

આ તમામ વિદ્યાર્થીઓને ખૂબ પ્રગતિ કરે તેવી ઉપસ્થિત રહેલ મહાનુભાવોએ આશીર્વાદ આપ્યા હતા. મુખ્ય મહેમાન ડૉ.તૃષારભાઈ પટેલ સાલ ઓઢાડી સ્મૃતિ ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. તથા SMC કમીટીના સભ્યો ભરતભાઈ, પવિણભાઈ, જગદીશભાઈ, ભુપતભાઈ તથા શ્રી સાદરા પ્રાથમિક શાળાના આચાર્ય નિખિલભાઈ તથા તમામ શિક્ષકગણના સહયોગથી ઈનામ વિતરણનું આયોજન કરાયું હતું.

પાદરા તાલુકાના સાદરા પ્રાથમિક શાળામાં શ્રી રામકૃપા સંસ્કૃત પ્રચાર કેન્દ્ર સાદરા દ્વારા સંસ્કૃતની પરીક્ષા લેવામાં આવી હતી.

– પાવી જેતપુર કૉલેજના સંસ્કૃતના ૨૯ છાત્રો પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થયાં. શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ્, અમદાવાદ દ્વારા લેવાયેલી સંસ્કૃત વિશારદની પરીક્ષાના કુલ ત્રણ પેપરમાં (૩૦૦) ગુણમાંથી ૧૮૪ થી ૨૦૯ સરેરાશ ગુણ મેળવી પાવી જેતપુરની શ્રી એમ. સી. રાઠવા આર્ટ્સ કૉલેજ અને વનવાસી બી.એડ. કૉલેજના સંસ્કૃતના ૨૯ છાત્રોએ તમામે ફર્સ્ટ ક્લાસ મેળવી આદિવાસી ક્ષેત્રની કૉલેજને ગૌરવ અપાવ્યું છે. પ્રમુખશ્રી રણજીતસિંહ રાઠવા સાહેબ, પથદર્શક અને છોટા ઉદેપુરના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહભાઈ રાઠવા, કા.આ.ડૉ. હર્ષદભાઈ રોહિત, અધ્યક્ષ ડૉ. જીતેન્દ્રભાઈ ટેલર, પ્રા. ધર્મેન્દ્રભાઈ પટેલ સહિત સમગ્ર કૉલેજ પરિવારે છાત્રોને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતાં. આ સમગ્ર પરીક્ષાનું સંચાલન પ્રા. ડૉ. રાજેશ આર. કગરાણાના માર્ગદર્શનમાં પ્રા. શ્રીકુંજ રાઠવા, પ્રા. કરશન રાઠવા તથા પ્રા. જીતેન્દ્રભાઈ રાઠવાએ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે ભવિષ્યમાં ટેટ, ટાટ, નેટ જેવી પરીક્ષાઓ માટે પણ આ ઉપયોગી બની રહે છે.



 

**(શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ્માં સન્ ૨૦૨૩-૨૦૨૪ માં આવેલ દાન (ભેટ)ની નામાવલિ)**

| | | |
|---|---|---|
| (૧) | પ્રો. મયંક કે. પટેલ | ૫૦૦ રૂ। |
| (૨) | શ્રી કપિલભાઈ એમ. ઓઝા, - વિવેક એન્જિનીયર | ૫,૦૦૦ રૂ। |
| (૩) | શ્રી એમ. એસ. પરીખ સાહેબ | ૧૫,૦૦૦ રૂ। |
| (૪) | શ્રી ગીતાબેન પી. મહેતા | ૧૧,૦૦૦ રૂ। |

# श्री बृहद् गुजरात संस्कृत परिषद् - अहमदाबाद-९


**વ્યવસ્થાપક સમિતિ**

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | માન. જસ્ટીસ શ્રી એમ.એસ. પરીખ (નિ.)<br>પૂર્વ પ્રમુખશ્રી, ગુજરાત સી.ડી.આર. કમિશન |
| કુલપતિ | : | માન. શ્રી પરિમલ નથવાણી<br>સાંસદશ્રી, રાજ્યસભા |
| ઉપપ્રમુખ | : | પદ્મશ્રી ડૉ. ચંદ્રકાન્ત એચ. મહેતા<br>પૂર્વ ઉપકુલપતિ-ગુજરાત યુનિવર્સિટી,<br>એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર - હીરામણી ઇન્સ્ટિટ્યુટ |
| ઉપપ્રમુખ | : | પ્રિ. ડૉ. ગીતાબેન પી. મહેતા<br>સંસ્કૃતના પ્રોફેસર અને જી.એલ.એસ. કૉલેજ કેમ્પસનાં પ્રાચાર્યા |
| પ્રધાનમંત્રી | : | પ્રા. ડૉ. વાસુદેવ વિષ્ણુપ્રસાદ પાઠક 'વાગર્થ'<br>સંસ્કૃત-પ્રાકૃતના નિવૃત્ત પ્રોફેસર |
| સહમંત્રી | : | પ્રો. ડૉ. કમલેશકુમાર છ. ચોકસી, (નિવૃત્તનિદેશક - ભાષાસાહિત્ય ભવન, ગુજ. યુનિ.)<br>પ્રા. ડૉ. મહેશ એ. પટેલ, (સંસ્કૃત વિભાગાધ્યક્ષ, ગુજરાત કૉલેજ, અમદાવાદ) |
| કોષાધ્યક્ષ | : | શ્રી મહેન્દ્રભાઈ આત્મારામ જાની<br>નિવૃત્ત વિજિલન્સ ઓફિસર (સંસ્કૃતના ઉપાસક) |

**સદસ્યશ્રી**

શ્રી મધુકર દિનુભાઈ ધ્રુવ
(નિ. ન્યાયાધીશ, પૂર્વ ચેરિટી કમિશ્નર)
પ્રો. ડૉ. દર્શના કેયૂરકુમાર ભટ્ટ
(નિદેશક, ભાષાસાહિત્યભવન, ગુજ. યુનિ.)
શ્રી શૈલેષભાઈ આર. પંડ્યા
(નિવૃત્ત સંસ્કૃત-અંગ્રેજીના શિક્ષક)
ડૉ. મોહિની દેવેન્દ્રકુમાર આચાર્ય
(સંસ્કૃતના પ્રોફેસર - બી.એડ્. કૉલેજનાં આચાર્ય)
પ્રા. ડૉ. અલકાબેન આર. ત્રિવેદી
(સંસ્કૃતના એસોસિયેટ પ્રોફેસર)
શ્રી ઈન્દ્રવદનભાઈ બી. મહેતા
(હાઈસ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી)
શ્રી મેહાબેન પોરસભાઈ મજમુંદાર
(સંગીત-નૃત્ય અકાદમીના પ્રાચાર્યા)
શ્રી હર્ષલ સનતકુમાર દવે (સંસ્કૃતના અધ્યાપક)

શ્રી કાનજીભાઈ ત્રિકમભાઈ ભોગાયતા
(સંસ્કૃતના નિવૃત્ત અધ્યાપક)
શ્રીમતિ વંદના કિશનગોપાલ શર્મા
(સંસ્કૃતના અધ્યાપિકા)
શ્રી રૂપેશ બળવંતભાઈ બ્રહ્મભટ્ટ
(ઉદ્યોગપતિ-કન્સ્ટ્રક્શન વ્યવસાય)
શ્રી સુહાસભાઈ અરવિંદભાઈ સાહેબા
(કન્સ્ટ્રક્શન વ્યવસાય)
શ્રી મનોરભાઈ મગનભાઈ પટેલ
(મેનુફેક્ચરિંગ ઉદ્યોગપતિ)
ડૉ. હિતેન્દ્ર ગોરધનદાસ વ્યાસ
(સંસ્કૃતના પ્રોફેસર, શ્રી સોલા-ભાગવત)
ડૉ. અજયકુમાર ચંપાલાલ ઠાકર
(સંસ્કૃતના પ્રોફેસર, (નિ.) શ્રી ડાકોર પાઠશાળા)

**કાર્યાલય**

સર્વશ્રી વિક્રમ પટેલ- (o.s.), બલભદ્ર પ્રજાપતિ, વિજય પટેલ, ભૂપેન્દ્ર પંચાલ



E-mail : info.b.g.s.parishad@gmail.com　　Web: shribruhadgujaratsanskritparishad.org